પાના ૦૮ : કિંમત રૂ. ૩.૦૦
તા. ૦૬/૦૬/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ વૈશાખ વદ-અમાસ વર્ષ : ૧૫ અંક : ૧૪૯

**સુવિચાર**

જિંદગી જીવવાની રીત કે નુસખા તૈયાર નથી મળતા. માણસે જાતે તેનું મંથન, તેની શોધ કરવી પડે છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)


નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## ભાજપનાં લોકસભાનાં વિજેતા ઉમેદવાર માટે અનેક પડકાર

# અમરેલી જિલ્લામાં વિકાસની હારમાળા સર્જવી પડશે

**જિલ્લામાં મહાકાય ઉદ્યોગોનું સ્થાપન કરાવીને શિક્ષિત બેરોજગાર યુવાઓને રોજગારી આપવી પડશે**

**નેશનલ હાઈવે, કેન્દ્રીય વિદ્યાલય, સરકારી શાળા કોલેજો અને હોસ્પિટલનું નિર્માણ કરાવવું પડશે**

**બ્રોડગેજ રેલ્વેને લઈને જિલ્લાની જનતાની વર્ષો જુની માંગ પૂર્ણ કરવી પડશે**

**જિલ્લાની જનતાએ ખોબલે-ખોબલે મત આપીને ઐતિહાસિક વિજય અપાવ્યો હોય હવે જવાબદારી સાંસદની**



પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા.૫
અમરેલી લોકસભા વિસ્તારનું આગામી પાંચ વર્ષ માટે દેશની રાજધાનીમાં આવેલ પાર્લામેન્ટમાં પ્રતિનિધિ ભાજપનાં ભરત સુતરીયા કરવાનાં છે અને જિલ્લાની જનતાએ ખોબલે–ખોબલે તેઓ પર વિશ્વાસ રાખીને ઐતિહાસિક મતો આપેલ હોય. હવે નવા સાંસદની જવાબદારી છે કે જિલ્લાનાં ખેડૂતો, શ્રમિકો, બેરોજગાર યુવાનોનાં પ્રશ્નોને દિલ્હી દરબારમાં રજૂ કરી દૂર કરવાનાં રહેશે.

આઝાદીનાં ૭૭ વર્ષ બાદ અમરેલી શહેરને બ્રોડગેજ રેલ્વેની સુવિધા નથી જે આગામી પાંચ વર્ષમાં પરિપૂર્ણ કરવી પડશે. એફએમ રેડિયોની પણ માંગ ઉભી થઈ છે તો કેન્દ્રીય વિદ્યાલય પણ ઝડપથી શરૂ પડશે. જેથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારનાં બાળકોને મફતમાં શિક્ષણ મળતું થાય.

તદુઉપરાંત અમરેલી જિલ્લાનું અર્થતંત્ર ખેતી અને હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલ હોય હીરા ઉદ્યોગને પ્રોત્સાહન મળે તે માટે કાર્યવાહી કરવાની સાથે ખેડૂતોને સિંચાઈનું પાણી, પોષણક્ષમ ભાવો, નિયમિત અને પુરતા પ્રમાણમાં વીજળી, રાનીપશુઓની સમસ્યા હોય તેનું પણ નિરાકરણ કરવું પડશે.

તદુઉપરાંત જિલ્લાનાં બેરોજગાર યુવાનોને સ્થાનિક કક્ષાએ યોગ્ય રોજગારી મળતી ન હોય દર વર્ષે અનેક યુવાનો મહાનગરો તરફ સ્થળાંતર કરી જાય છે તે અટકાવવા માટે જિલ્લા માટે ખાસ પેકેજ મંજૂર કરાવીને ધંધા, ઉદ્યોગોની સ્થાપના કરાવવી પડશે. દરેક તાલુકા મથકોએ જીઆઈડીસીની સ્થાપના તેમજ દરેક તાલુકા કક્ષાએ પ્રાથમિકથી લઈને કોલેજ કક્ષાનું શિક્ષણ


અનુસંધાન પાના ૬ ઉપર


### કોઈ અગમ્ય કારણોસર પગલું ભર્યુ

# બાબરાનાં ચરખા ગામનાં યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**ખડ બાળવાની ઝેરી દવા પી લીધી**

અમરેલી, તા.૫
બાબરા તાલુકાના ચરખા ગામે રહેતા રવિભાઈ રમેશભાઈ ખુમાણ નામનાં ૨૮ વર્ષિય યુવક ગત તા.૧ના આશરે બપોરના ત્રણ સવા ત્રણેક વાગ્યે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ખડ બાળવાની ઝેરી દવા પી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

Kelvinator
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
Kelvinator ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો

0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ


સ્વ. ગોકળભાઈ મોહનભાઇ ભેસાણીયા
સ્વ. સં .૨૦૭૯ વૈશાખ વદ અમાસ ને શુક્રવાર તા. ૧૯.૦૫.૨૦૨૩
કોઇ ક્ષણ એવી નથી જે તમારા સ્મરણ થી અલિપ્ત હોય ,કોઇ જગ્યા એવી નથી જ્યાં તમારું વાત્સલ્ય ન હોય,કોઇ સફળતા એવી નથી જ્યાં તમારા આશીર્વાદ ના હોય ,આપના આશીર્વાદ થકી જ અમો સુખમય જીવન જીવીએ છીએ. પ્રભુ આપના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે એ જ પ્રાર્થના ...
લી.
પરમેશભાઈ ગોકળભાઈ ભેસાણીયા
દર્શન પરમેશભાઈ ભેસાણીયા
મિલન પરમેશભાઈ ભેસાણીયા
મુ. મોરઝર, તા.ધારી, જી.અમરેલી

ખુબ ખુબ અભિનંદન સહ હાર્દિક શુભકામનાઓ
શ્રી ભરતભાઈ સુતરીયા
૧૪-અમરેલી લોકસભાનાં સાંસદશ્રી
અમરેલી ૧૪ લોકસભા વિસ્તારનાં સાંસદ પદે, અમરેલી જિલ્લાનાં ઈતિહાસમાં પ્રથમ વખત જંગી મતોની લીડથી વિજય થતાં આપશ્રીને ખુબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ

શુભેચ્છક

શ્રી પ્રીવણભાઈ કરકર (પ્રમુખ : નગરપાલિકા -બાબરા)
શ્રી અંકુરભાઈ જસાણી (ઉપ પ્રમુખ : નગરપાલિકા -બાબરા)
શ્રી અશ્વિનભાઈ મકવાણા (કારોબારી : ચેરમેન નગરપાલિકા -બાબરા)
તેમજ તમામ સદસ્યશ્રીઓ તથા સ્ટાફ ગણ
બાબરા નગરપાલિકા : મુ. બાબરા, જી.અમરેલી

## અકાળી દળ, શિવસેના, એનસીપી, પીડીપી, જેજેપી સહિતનાં પક્ષોની હાલત દયનીય બની

# ભાજપે અનેક પ્રાદેશિક પક્ષોને સત્તાથી વિમુખ કરી દીધા

**પહેલા પ્રાદેશિક નેતાનાં ખભે બેસીને જે-તે રાજયમાં પ્રવેશ કરવાનો બાદમાં જમાવટ કરીને ખભા પરથી ઉતારીને પાટુ મારી દેવાનું**

**છેલ્લા પાંચ વર્ષમાં તેલંગાણા, આંધ્રપ્રદેશ, ઓડિસા થઈને મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રીને સત્તા પરથી રવાના કરી દીધા**

**દેશનાં લગભગ ૧૫ થી વધુ પ્રાદેશિક પક્ષોનો ઉપયોગ કરીને બાદમાં ધકકો મારી દેવાયો**

**દર બે–પાંચ વર્ષે કોઈને કોઈ પ્રાદેશિક પક્ષ ભાજપની ચાલમાં ફસાતો આવ્યો છે**

અમરેલી, તા. ૫

દેશની સર્વોચ્ચ પંચાયત ગણાતી લોકસભાની ચૂંટણીમાં દેશની જનતાએ ભાજપને સત્તા માટેનાં જાદુઈ આંક ૨૭૨ સુધી પહોંચવા ન દેતા પહેલા ગુજરાતમાં અને છેલ્લા ૧૦ વર્ષથી દેશમાં એક હથ્થુ શાસન ચલાવનાર નરેન્દ્ર મોદીને સરકાર બનાવવા અને ચલાવવા ભારે સંઘર્ષ કરવો પડશે અને આ બધી કડાકૂટ તેમને પસંદ આવે તેમ નથી.

ભાજપનો રાજકીય ઈતિહાસ જોઈએ તો વર્ષ ૧૯૮૪માં લોકસભાની ચૂંટણીમાં ભાજપને લોકસભામાં માત્ર ૨ બેઠક મળી હતી બાદમાં હિન્દુત્વ, રામ મંદિર, ૩૭૦ની કલમ જેવા મુદાઓ ઉભા કરીને વર્ષ ૧૯૮૯માં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં ૮૬, બાદમાં ૧૧૨ એમ કરતાં ૧૮૨ સુધી પહોંચી જતાં ભાજપનાં નેતા અટલ બિહારી બાજપાઈ સૌપ્રથમ વખત દેશનાં પ્રધાનમંત્રી બન્યા અને બાદમાં સૌ પ્રથમ વખત વર્ષ ૨૦૧૪માં નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ભાજપને સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત થઈ અને બાદમાં વર્ષ ૨૦૧૯માં પણ ઐતિહાસિક બેઠકો મળી.

ભાજપનાં ૨ બેઠકથી ૩૦૩ બેઠકની વિકાસયાત્રામાં અનેક પ્રાદેશિક પક્ષોને પણ કચડી નાખવામાં આવ્યા. જેમાં પીડીપી, નેશનલ કોન્ફરન્સ, જેડીએસ, અકાલી દળ, શિવસેના, જનતાદળ (યુ) અને કેસીઆર, જગન રેડી, નવિન પટ્ટનાયક જેવા નેતાની જરૂર પડે મદદ લઈને તેઓને પણ સત્તાથી વિમુખ કરવામાં આવ્યા.

ભારત દેશનાં લગભગ ૧૫ થી ૧૮ પ્રાદેશિક પક્ષોએ ભાજપ સાથે સત્તાની લાલચે ઈલુ–ઈલુ કર્યુ અને બાદમાં લગભગ તમામ પ્રાદેશિક પક્ષોની હાલત "ન ઘરનાં ન ઘાટના" જેવી થઈ ગઈ અને તાજેતરમાં જનતાદળ (યુ), ટીડીપી અને શિવસેના ભાજપનાં હાથનું રમકડુ બન્યા છે. ત્યારે તેઓ ભાજપની ચાલમાં ફસાશે કે આબાદ છટકી જશે તે જોવું રસપ્રદ રહેશે.

### મૃતક મહિલાની માતાએ તપાસની કરી માંગ

## ધારીનાં ગીગાસણ ગામે મહિલાએ આત્મહત્યા નહી પણ તેની હત્યા થયાનો આક્ષેપ

**મહિલાનાં પતિ સહિતે ગળુ દબાવી હત્યા કર્યાનો આક્ષેપ**

અમરેલી તા.૫

ધારી તાલુકાના ગીગાસણ ગામે રહેતા કુંવરબેન પાલાભાઈ સોંદરવા નામનાં ૬૫ વર્ષિય વૃધ્ધાની દિકરી જયોત્સનાબેન મુળજીભાઈ પરમાર (ઉ.વ.૪૨), (રહે.જુના વાઘણીયા તા.બગસરા)એ ગત તા.૩/૬/૨૪ ના રોજ બપોરના બે–એક વાગ્યગ્યે ઝેરી દવા પી જતા મરણ ગયેલ હોય પરંતુ વૃધ્ધાને મૃતકના પતિ મુળજીભાઈ ભીમજીભાઈ પરમાર, પિયુષભાઈ મુળજીભાઈ પરમાર તથા ભાનુબેન પિયુષભાઈ પરમાર રહે.જુના વાઘણીયા તા.બગસરા ઓએ મળી વૃધ્ધાની દિકરી જયોત્સનાબેનનું ગળું દબાવી મારી નાખેલ હોવાની શંકા હોય. અને તેની દિકરીએ ઝેરી દવા પીધેલ ન હોય, તેવો વિશ્વાસ હોય, અને વૃધ્ધાની દિકરીની લાશનું પી.એમ. કરાવ્યા વગર જુના વાઘણીયા ગામે અંતિમ વિધિ કરી નાખેલ હોય જે અંગે પી.એમ. થવા તેમજ યોગ્ય તપાસ થવા જાહેર થવા પામેલ છે.

### દબાણ હટાવવાનો લેન્ડ ગ્રેબીંગ સમિતિનો હુકમ છતાં

## અમરેલીની ડી.એલ.બી. સોસાયટીમાં જાહેર માર્ગ પરનું દબાણ દૂર કરવામાં ઠાગાઠૈયા

**દબાણ દૂર કરવામાં ન આવે તો આદોલનની ચીમકી**

અમરેલી તા. ૫

અમરેલી નગરપાલિકાના પેધી ગયેલા કર્મચારીઓ હવે ઉપરના આદેશને પણ ગણકારતા નથી. અમરેલીની ડી.એલ.બી. સોસાયટીમાં જાહેર રસ્તા પર ૧૭ ફુટનું દબાણ કર્યા અંગે રાવ થતા લેન્ડ ગ્રેબીંગ કમિટીએ દબાણ થયાનું સ્વીકારી પાલીકાને ૨૦ દિવસમાં તે તા. ૧૭/૨/૨૪ દુર કરવાનો હુકમ કર્યો હોવા છતાં ચાર મહિના બાદ પણ તેનો કોઈ અમલ ન કરી પાલિકા આ હુકમને ઘોળીને પી ગઈ છે.

અમરેલી લેન્ડ ગ્રેબીંગ કમીટીને તા. ૧૮/૧૦/૨૩ ના રોજ અહિયાના જયંતિલાલ રણછોડદાસ વ્યાસે જમીનના દબાણ અંગે ફરિયાદ કરી હતી. ડી.એલ.બી. સોસાયટીમાં રહેતા રમેશભાઈ લવજીભાઈ પેથાણીએ અહીં જાહેર રસ્તાનું મોટા પ્રમાણમાં દબાણ કર્યુ છે. જેના પગલે અહીના બીજા લોકોને અવરજવરમાં તકલીફ પડતી હોય અને રસ્તો સાકડો બન્યો હોય સમગ્ર મામલો લેન્ડ ગ્રેબીંગ કમિટી સમક્ષ લઈ જવાયો હતો.

જયંતિલાલ વ્યાસ દ્વારા જાહેર રસ્તા પર થયેલા દબાણ અંગે તમામ જરૂરી પુરાવાઓ રજુ કરાયા હતા. ઉપરાંત સીટીસર્વે અને પાલિકાના રેકર્ડની ચકાસણીના અંતે અહીં દબાણ થયાનુ ંસ્પષ્ટ થતા કમિટી દ્વારા જાહેર રસ્તા પરના દબાણની બાબત હોય આ કાર્યવાહી નગરપાલીકાએ કરવાની હોય નગરપાલીકને ૨૦ દિવસમાં દબાણ દુર કરી તેનો અહેવાલ મોકલીવા જણાવાવું હતુ. જો કે નગરપાલિકામાં લેન્ડ ગ્રેબીંગ કમિટીના આ હુકમને જાણે અભેરાઈએ ચડાવી દેવાયો હતો. અને દબાણ કરનાર શખ્યને માત્ર એક નોટી આપવા સિવાય કોઈ જ કાર્યવાહી આજ દિવસ સુધી કરવામાં આવી નથી.

નગપાલીકાએ પોતાના જ રસ્તા પર થયેલુ દબાણ મકકમ કાર્યવાહી કરવાને બદલે રમેશભાઈ લવજીભાઈ પેથાણીને તા. ૧૮/૧૦/૨૩ ના રોજ આ દબાણ પોતાના ખર્ચે દુર કરવા નોટીસ આપી હતી આમ છતાં દબાણ દુર નથયુ હોવા છતાં પાલીકાએ આજે દિવસ કોઈ કાર્યવાહી કરી ન હતી.

તેથી જયંતિભાઈ વ્યાસે નગરપાલિકાના ચસફ ઓફિસર ગત ૧૩/૫/૨૪ના રોજ ફરી લેખીત રજુઆત કરી લેન્ડ ગ્રેબીંગ કમિટીએ ૨૦ દિવસમાં દબાણ દુર કરવાની સુચના આપી હોવા છતાં ૧૧૦ દિવસ બાદ દબાણ દુર થયુ ન હોય જો આ કાર્યવાહી નહી થાય તો પાલિકા કચેરી સામે ઉપવાસ પર બેસવાની ચિમકી ઉરવારી છે.

### પર્યાવરણ બચાવવા માટે કામગીરી જરૂરી

## અમરેલી સહિત રાજયભરનાં ફેલાયેલ ઝેરીલા વૃક્ષને દુર કરવા માંગ થઈ

**કોનાકોપર્સ નામનાં વૃક્ષની પુષ્કળ આડઅસર**



દામનગર, તા. ૫

દામનગર સહિત ગુજરાતમાં કોનાકોર્પસવૃક્ષ ઝેરીલા હોય, છેદન કરવા ( ઉતારી લેવા ) વન વિભાગનો પરિપત્ર છતાં ભારતને હરિયાળું બનાવવા વિદેશમાંથી લાવવામાં આવેલ કોનોકાર્પસ વૃક્ષ,વૈજ્ઞાનિકોના મતે ઝેર ફેલાવી રહ્યું હોવાનું સાબિત થયું હોય તે રિપોર્ટના આધારે કેન્દ્ર સરકારની સૂચનાથી ગુજરાત સરકારના વન વિભાગે એક પરિપત્ર બહાર પાડી આ વૃક્ષને ઉતારી લેવાની સૂચનાઓ આપી હોવા છતાં ગામડાઓમાં અને શહેરોમાં આ વૃક્ષો આજે પણ ઊભા હોય સમગ્ર જીવ માટે ખતરો ઊભો થયો છે. આ વૃક્ષના મૂળ ખુબજ ઊંડે સુધી જતા હોય, જમીનની અંદરથી પસાર થતી પાણીની પાઈપ લાઈનને નુકશાન પહોંચી રહ્યું છે. તેમજ જમીનની ફળદ્રુપતામાં ઘટાડો થઈ રહ્યો છે. ઉચા તાપમાનમાં આ પણ એક કારણ માની શકાય. વન વિભાગનાં પરીપત્ર ને ઘોળીને પી જતું સ્થાનિકથી લઈને વહીવટી તંત્ર જો વહેલી તકે આ ઝેર ઓકતા વૃક્ષોને ઉતારી નહિ લે તો, દરેકે ભોગવવાનું આવશે તે નક્કી છે. ગુજરાતના લગભગ દરેક ગામોમાં આ વૃક્ષો ઊભા હોય, ખતરાની ઘંટડી છે.. પર્યાવરણ પ્રેમીઓએ આ ગંભીર મુદ્દાને ધ્યાનમાં લઈ રસ લઈને આવા ખતરનાક વૃક્ષોને ઉતારી લેવા માટે તંત્રનો કાન આમળવો જોઈએ.

### ચોમાસા પહેલા બાંધકામ પૂર્ણ કરવા માંગ

## અમરેલીનાં લીલીયા માર્ગ પરનાં નાળાનુ કામ ગોકળ ગાયની ગતિએ ચાલતુ હોય સ્થાનિકો પરેશાન

**નિડર ગૃપ દ્વારા કલેકટરને પત્ર પાઠવવામાં આવ્યો**



અમરેલી, તા. ૫

અમરેલી–લીલીયા વચ્ચેના માર્ગને પહોળો કરવાની કામગીરીનાં ભાગરૂપે લીલીયા માર્ગ પર આવેલા નાળાને પહોળુ કરવાની કામગીરી ગોકળ ગાયની ગતિએ ચાલતી હોય નિડર ગૃપ દ્વારા કલેકટને પત્ર પાઠવીને નાળાની કામગીરી ચોમાસા પહેલા પૂર્ણ કરવા માંગ કરવામાં આવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી લીલીયા રોડ બાયપાસ ચોકડી પાસે નાળા બાંધવાનુ કામ ઘણા સમયથી ગોકળ ગાયની ગતિએ ચાલી રહ્યું હોવા ત્યારે એ કામ ચોમાસા પહેલા પૂર્ણ થાય એવુ લાગતુ નથી. અને ચોમાસાને માત્ર એક જ મહિનો બાકી હોય પુલનુ કામ ચાલતુ હોય એટલે ચોમાસાના પાણી જવાના રસ્તા બધી બાજુએથી બંધ કરી દેવામાં આવ્યા છે અને ડાયવર્ઝન કાઢી પાણી જવાનો રસ્તો તદન બંધ કરી દીધેલ છે. જો ચોમાસા પહેલા પાણી કે વાહન માટે રસ્તો નહિ કરવામ આવે તો એક ભયંકર મુસીબત ઉભી થશે. નાળાનુ કામ ચાલતુ હોય તે રોડની ઉપર આજુબાજુ ગરીબ, પછાત, મજુર વર્ગના લોકો રહેતા હોય તેઓના ઘરના મકાન હોય. ત્યારે પાણી જવાના રસ્તા ખુલ્લા કરવામાં નહી આવે તો ભયંકર દુર્ઘટના બને અને રહીશોને માલહાની તથા જાનહાની થઈ શકે એમ હોય ડાયવર્ઝનનાં કારણે પાણી જવાનો રસ્તો તદન બંધ કરી દીધેલ હોય. ત્યારે ચોમાસાનાં પાણી રહીશોના મકાનોમાં જરૂર ઘુસી જાશે. તો યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

## પૂ. રતિદાદા જર્મની યાત્રાએ રવાના



ચલાલા, તા. ૫

ગાયત્રી સંસ્કાર ધામના શિલ્પી પૂ. ડો. રતિદાદ તથા પૂ. મંજુબા વિદેશની જર્મની જઈ રહયા હોય તેઓને સૌ કોઈ શુભેચ્છા પાઠવી રહયા છે.

### પર્યાવરણ દિન નિમિત્તે

## બાબરા ખાતે ૧૦૮ ની ટીમ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ

**જુદી–જુદી જગ્યાએ થયું લોકાર્પણ**



બાબરા, તા. ૫

બાબરા લોકોની સેવામાં ૨૪ કલાક રહેતી ૧૦૮ ની ટીમે પર્યાવરણ દિન નિમિત્તે જુદી જુદી જગ્યાએ વૃક્ષનું વાવેતર કર્યું હતું. બાબરા ૧૦૮માં ફરજ બજાવતાં પાયલોટ જગદીશભાઈ અને ઈ એમ ટી શોહીલભાઈ દ્વારા પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષનું રોપાણ કર્યું હતું

### એડવોકેટ કિશોર પાઠકની દલીલો સફળ

## લીલીયાની ગ્રામ્ય લક્ષ્મી મંડળીના બાકીદારને ૨ વર્ષની સજા અને દંડનો આદેશ

**મંડળીની રકમ રૂપિયા ૨,૯૬,૩૯૦ ભરવા હુકમ**

લીલીયા મોટા તા. ૫

લીલીયા મોટા ગ્રામ્યલક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળી લી.માંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧) નિતીનભાઈ જસવંતરાય સાદરાણી રહે. અમરેલીનો ચેક રૂા. ૨,૯૬,૩૯૦નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતા લીલીયા ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળીના રીકવરી ઓફિસર અમીતભાઈ વસંતભાઈ જોષીએ આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરિયાદ કેસ નં ૩૩૬/૨૦૨૩નો દાખલ કરેલ છે અને કેસ ચાલી જતાં અદાલત દ્વારા નિતિનભાઈ જસવંતરાય સાદરાણીને બે વર્ષની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ ૨,૯૬,૩૯૦ તથા તે પરનુ વ્યાજ સંસ્થાને વળતર ચુકવા આદેશ કરેલ. તેમજ તેટલી જ રકમનો દંડ કોર્ટમાં ભરવો અને દંડ ન ભરે તો વધુ છ માસની સજા ભોગવવા લીલીયાના પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશયલ મેજીસ્ટ્રેટે હુકમ કરેલ છે.

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
મો.૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org

## નાયબ દંડક કૌશિક વેકરિયા, ધારાસભ્ય કસવાલા, તળાવીયાની ઉપસ્થિતિમાં

# સાવરકુંડલાનાં ''અટલધારા'' કાર્યાલયમાં ભાજપનાં વિજેતા ઉમેદવારનું આગમન

**અટલધારા કાર્યાલય ખાતે ભાજપનાં વિજેતા ઉમેદવારનાં હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું**

**ભાજપનાં વિજેતા ઉમેદવાર ભરત સુતરીયાએ સમગ્ર વિસ્તારનાં કાર્યકર્તાઓનો આભાર માન્યો**

**વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તાઓએ વિજેતા ઉમેદવારનું કર્યુ સ્વાગત**

**માર્કેટયાર્ડનાં ચેરમેન દિપક માલાણી સહિતનાં આગેવાનોએ પણ શુભકામના પાઠવી**



સાવરકુંડલા,તા.૫

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જયારે ત્રીજી વખત ભારતીયજનતાપાર્ટીવિજેતાબનીહોય જેમાં અમરેલી લોકસભામાં એક કમળ રૂપી સાંસદ ભરતભાઈ સુતરીયા જંગી લીડ સાથે વિજેતા બન્યા બાદ સૌ પ્રથમ વખત નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની વિશેષ ઉપસ્થિતિમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની ઉપસ્થિતિમાંસાવરકુંડલાતાલુકાપ્રમુખ જીવનભાઈ વેકરીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, લીલીયા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, સાવરકુડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, જિલ્લા પંચાયત સદસ્યો રાણાભાઈ રાદડિયા, લાલભાઈ મોર, પુનાભાઈ ગજેરા, શરદભાઈ ગોદાણી, એ.પી.એમ.સી. ચેરમેન દિપકભાઈ માલાણી સહિત, સંગઠનહોદ્દેદારો, નગરપાલિકા, તાલુકા પંચાયતસદસ્પો 'અટલધારા' કાર્યાલયે વૃક્ષારોપણ કર્યુ. આ સે કાર્યકર્તાઓનો હોદ્દેદારોનો સાંસદ ભરતભાઈ સુતરીયાએઆભારમાન્યોહતો.

## સમાજ સુરક્ષા અધિકારીની ઉપસ્થિતિમાં

# અમરેલીનાં સરકારી ચિલ્ડ્રન હોમ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

**વૃક્ષારોપણ કરી વૃક્ષનું જતન કરવાનો સંકલ્પ**



અમરેલીતા.૦૫

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સમાજ સુરક્ષા વિભાગ ગાંધીનગર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા સંચાલિતસરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ,પ્રતાપપરાઅમરેલીખાતેપજુન વિ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણકાર્યક્રમનુંઆયોજનકરવામાં આવ્યુંહતું. જેમાંસમાજસુરક્ષાઅધિકારી આર.બી.ખેરતેમજજીલ્લાબાળસુરક્ષા અધિકારી વી.યુ.જોષી, વન વિભાગ માંથી ચૌહાણ સહિત સંસ્થાના સ્ટાફ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. સૌએ સાથી મળી વૃક્ષ વાવી અને તેના જતનનો સંકલ્પ લીધો હતો તેમ સુપ્રિટેન્ડન્ટ, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
કેશ ડિસ્કાઉન્ટ ₹5000/-*
ઓછુ ડાઉનપેમેન્ટ ₹5999/-*
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઇલ
મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100% કોમર્સ
ધોરણ-12 કોમર્સ (વર્ષ-2024) સામાન્ય પ્રવાહનું અસામાન્ય પરિણામ
કુલ વિદ્યાર્થી :- 66
પાસ થયેલ વિદ્યાર્થીઓ :-57
સંસ્થાનું પરિણામ :- 86.36%
A1 ગ્રેડ 50% ફી માફી
95PRUP:-07 વિદ્યાર્થી
90PRUP:-10 વિદ્યાર્થી
75PRUP:-21 વિદ્યાર્થી
A2 ગ્રેડ :-10
B1 ગ્રેડ :-16
B2 ગ્રેડ :-13
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..

ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.૧૦ P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર..
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૯ | ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૯૪૯ | લાઠી રોડ, કાર બજારની પાછળ નારાયણ નગર, અમરેલી

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મશળે.
ખજુરની ચટણી સાથે
નારણ આઈસ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

Hero
go BIG go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero

YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZS-FI
lord of the streets
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

### દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ઝટકો

# અરવિંદ કેજરીવાલની વચગાળાની જામીન અરજીને ફગાવી દેવાઈ

## સ્વાસ્થ્યના કારણોસર દાખલ કરવામાં આવેલી વચગાળાની જામીન અરજી ફગાવી

નવી દિલ્હી, તા.૫

દિલ્હીની લિકર પોલિસી અને તેનાથી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને રાઉઝ એવન્યુ કોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે અરવિંદ કેજરીવાલની સ્વાસ્થ્યના કારણોસર દાખલ કરવામાં આવેલી વચગાળાની જામીન અરજી ફગાવી દીધી છે. સ્વાસ્થ્યને ટાંકીને કેજરીવાલે તપાસ માટે સાત દિવસના વચગાળાના જામીન માંગ્યા હતા. કેજરીવાલના વચગાળાના જામીનનો વિરોધ કરતી વખતે તપાસ એજન્સી ઈડીએ કહ્યું હતું કે કેજરીવાલ કોર્ટને ગેરમાર્ગે દોરી રહ્યા છે. EDનો આરોપ છે કે સતત પ્રચાર કરી રહેલા કેજરીવાલની તબિયત જ્યારે સરેન્ડર કરવાનો સમય આવ્યો ત્યારે બગડી હતી. બંને પક્ષોને સાંભળ્યા બાદ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો જે આજે બુધવારે સંભળાવવામાં આવ્યો હતો. બુધવારે કેજરીવાલ તેમની અરજી પર નિર્ણય સાંભળવા માટે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં હાજર થયા હતા. ચુકાદો આપતી વખતે રાઉઝ એવન્યુ કોર્ટે અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૧૪ દિવસ વધારી દીધી છે, એટલે કે હવે કેજરીવાલને ૧૯ જૂન સુધી જેલમાં રહેવું પડશે. કોર્ટે સંબંધિત અધિકારીઓને જરૂરી મેડિકલ ટેસ્ટ કરાવવાના નિર્દેશ આપ્યા છે. વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ તિહાર જેલના અધિકારીઓને ન્યાયિક કસ્ટડીમાં કેજરીવાલની તબીબી જરૂરિયાતોનું ધ્યાન રાખવાનો નિર્દેશ આપ્યો છે. હવે કેજરીવાલના વકીલોએ સંકેત આપ્યા છે કે સ્પેશિયલ કોર્ટના આદેશને ટૂંક સમયમાં દિલ્હી હાઈકોર્ટમાં પડકારવામાં આવશે. વિશેષ અદાલતના નિર્ણયનો અભ્યાસ કર્યા બાદ અરજી દાખલ કરવામાં આવશે. નોંધનીય છે કે કેજરીવાલને ૫૫ દિવસ બાદ ૧૦ મેના રોજ વચગાળાના જામીન મળ્યા હતા. આ પછી તે લોકસભા ચૂંટણીના પ્રચાર માટે તિહાર જેલમાંથી બહાર આવ્યા હતા. ૨૧ માર્ચે તેમની ધરપકડ બાદ તે ૧૦ દિવસ સુધી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની કસ્ટડીમાં હતા. આ પછી ૧ એપ્રિલે કોર્ટે તેમને ન્યાયિક કસ્ટડીમાં તિહાર જેલમાં મોકલી દીધા હતા. તેઓ તિહારમાં ૩૯ દિવસ રહ્યા હતા પરંતુ વચગાળાના જામીન પૂર્ણ થયા બાદ તેઓ તિહાર જેલમાં ગયા અને ૨ જૂને આત્મસમર્પણ કર્યું હતું.

### મારી પાર્ટી NDA જ રહેશે : ચંદ્રબાબુ નાયડુ

# ચંદ્રાબાબુ નાયડુએ ચૂંટણીની જીતનો શ્રેય ભાજપ અને જનસેના પાર્ટીને આપ્યો

## ૪૫ વર્ષની રાજકીય કારકિર્દીમાં આ ઐતિહાસિક ચૂંટણી

નવી દિલ્હી, તા.૫

તેલુગુ દેશમ પાર્ટી એટલે TDP ના ચંદ્રબાબુ નાયડુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની પાર્ટી ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ) સાથે રહેશે. ચંદ્રબાબુ નાયડુની ટીડીપી અને તેના સહયોગીઓએ આંધ્ર પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીમાં જંગી જનાદેશ સાથે ૧૬૪ બેઠકો જીતી હતી. ટીડીપી અને તેના સાથી પક્ષોએ આંધ્રપ્રદેશમાં વિધાનસભા ચૂંટણીમાં ૧૭૫ સભ્યોની રાજ્ય વિધાનસભામાં ૧૬૪ બેઠકો જીતીને જંગી જનાદેશ સાથે જીત મેળવી હતી.અમરાવતીના ઉંડાવલ્લી ખાતેના તેમના નિવાસસ્થાને પત્રકારો સાથે વાત કરતા, નાયડુએ ટીડીપીને ભારત બ્લોક જોડાણ તરફથી આમંત્રણ મળવા અંગેની અટકળો પર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો.

"હું ઘણા વર્ષોથી રાજકારણમાં છું અને દેશમાં ઘણા રાજકીય ફેરફારો જોયા છે. અમે એનડીએમાં છીએ, અને હું એનડીએના સહયોગીઓની બેઠકમાં ભાગ લેવા માટે આજે બપોરે નવી દિલ્હી જઈ રહ્યો છું. એકવાર હું નવી દિલ્હીથી પાછો આવીશ ત્યારે હું તમને બધી વિગતો જણાવીશ,'' નાયડુએ કહ્યું. ટીડીપીના વડાએ વિધાનસભા ચૂંટણીની જીતનો શ્રેય તેમના ગઠબંધન ભાગીદારો - ભાજપ અને જનસેના પાર્ટી (જેએસપી)ને આપ્યો.

"તે એક સંયુક્ત પ્રયાસ છે, અને આપણે બધા સમાન છીએ. હું જનસેના પાર્ટીના અધ્યક્ષ પવન કલ્યાણનો આભાર માનું છું કે તેઓ સ્થાપના વિરોધી મતના વિભાજનને રોકવા માટે ગઠબંધન બનાવવામાં પહેલ કરે છે. બીજેપી પણ લોકશાહી બચાવવાના મિશનમાં જોડાઈ,''તેમણે કહ્યું. તેમની ૪૫ વર્ષની રાજકીય કારકિર્દીમાં આ એક ઐતિહાસિક ચૂંટણી હતી જેનો સાક્ષી આપતા નાયડુએ કહ્યું કે ૧૯૯૪ પછી જ્યારે TDP જંગી બહુમતી સાથે સત્તામાં આવી ત્યારે આ સૌથી મોટો જનાદેશ હતો જેથી ગૃહમાં વિપક્ષનો કોઈ નેતા ન હતો. ."NDA ને ૫૫.૩૮% વોટ મળ્યા, જેમાં TDP માટે ૪૫.૬૦% નો સમાવેશ થાય છે, જ્યારે YSR કોંગ્રેસ પાર્ટીને માત્ર ૩૯.૩૭% વોટ શેર મળ્યા છે," તેમણે કહ્યું. તેમણે ધ્યાન દોર્યું કે વિદેશના મતદારો પણ મતદાન કરવા માટે તેમના વતન પરત ફર્યા છે. "જે લોકો કામની શોધમાં પડોશી રાજ્યોમાં ગયા હતા તેઓ પણ તેમના ગામડાંમાં તેમના મત આપવા માટે પાછા આવ્યા હતા. હું દરેક મતદાતાનો આભાર માનું છું જેમણે ટીડીપી અને સાથી પક્ષોમાં વિશ્વાસ વ્યક્ત કર્યો,'' તેમણે કહ્યું. નાયડુએ તેમની પાર્ટીના કાર્યકર્તાઓને સાથે રહેવા અને્ હૂઁની જીત સુનિશ્ચિત કરવા બદલ પ્રશંસા કરી."એવી પરિસ્થિતિમાં પણ જ્યારે તેઓને જય જગન કહેવા માટે હેરાન કરવામાં આવ્યા હતા, તેઓ તેમના "જય ટીડીપી" અને "જય ચંદ્રબાબુ" ના નારાઓને વળગી રહ્યા હતા. અમે આ છેલ્લાં પાંચ વર્ષ લોકશાહીની રક્ષા માટે સંઘર્ષમાં વિતાવ્યા, આજે અમે સફળ થયા છીએ,'' તેમણે વધુમાં ઉમેર્યું.નાયડુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે લોકોએ આખરે જીતવું જોઈએ અને રાજ્યના વિકાસ માટે ઊભા રહેવું જોઈએ. અમે જવાબદારીપૂર્વક રાજ્ય પર શાસન કરીશું અને આંધ્ર પ્રદેશનું પુનઃનિર્માણ કરીશું અને તેનું ગૌરવ પુનઃસ્થાપિત કરીશું," તેમણે ઉમેર્યું. ૧૭૫ બેઠકોમાંથી, ટીડીપીએ ૧૩૫ બેઠકો પર જીત મેળવી હતી અને સાથી પક્ષો ત્નહૅ અને ભાજપે અનુક્રમે ૨૧ અને ૮ બેઠકો જીતી હતી. યુવા શ્રમિક રાયથુ કોંગ્રેસ પાર્ટી (YSRCP)ને ૧૧ બેઠકો મળી છે. જ્યારે લોકસભામાં, TDPએ ૧૬ બેઠકો જીતી હતી અને ભાજપ અને JnP અનુક્રમે ૩ અને ૨ બેઠકો જીતીને કુલ સંખ્યા ૨૧ બેઠકો પર લઈ ગઈ હતી.

### ઘણી વખત ભાજપના સમર્થનમાં પોસ્ટ શેર કરી

# અયોધ્યામાં ભાજપની હારથી નારાજ અનુપમ ખેરની પોસ્ટ આવી સામે

## લોકસભા ચૂંટણીના પરિણામોમાં ઉત્તર પ્રદેશની ૮૦ સીટો પર જોવા મળેલા ફેરફારોથી બોલીવુડ આશ્ચર્યચકિત

મુંબઈ, તા.૫

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામોએ બધાને ચોંકાવી દીધા છે. રાજકીય જગતના દિગ્ગજ નેતાઓની સાથે સાથે બોલિવૂડ સ્ટાર્સ પણ લોકસભા ચૂંટણીના પરિણામો પર સતત પ્રતિક્રિયા આપી રહ્યા છે. પીઢ બોલિવૂડ અભિનેતા અનુપમ ખેરે પણ લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ એક રહસ્યમય પોસ્ટ શેર કરી છે. જો કે, તેમણે આ પોસ્ટમાં સ્પષ્ટ કંઈ લખ્યું નથી, પરંતુ ક્યાંક ને ક્યાંક તેમનો સંદર્ભ તાજેતરના ચૂંટણી પરિણામો પર છે. લોકસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપની આગેવાની હેઠળના એનડીએને ૨૯૨ બેઠકો મળી છે, પરંતુ કેટલાક મહત્વપૂર્ણ મતવિસ્તારોમાં ભાજપની હારથી બધાને આશ્ચર્ય થયું છે. તેમાં ફૈઝાબાદ એટલે કે અયોધ્યા લોકસભા સીટ પણ સામેલ છે. હવે આ ચૂંટણી પરિણામો બાદ અનુપમ ખેર પર એક ઈમાનદાર નેતા અને તેમના પ્રયાસો વિશે એક પોસ્ટ શેર કરવામાં આવી છે. અનુપમ ખેર બીજેપી અને ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મોટા સમર્થક રહ્યા છે અને આ વાત કોઈનાથી છુપી નથી. અનુપમ ખેરે એકવાર નહીં પરંતુ ઘણી વખત ભાજપના સમર્થનમાં પોસ્ટ શેર કરી છે. લોકસભા ચૂંટણીના પરિણામોમાં ઉત્તર પ્રદેશની ૮૦ સીટો પર જોવા મળેલા ફેરફારોથી બોલીવુડ કલાકારો પણ આશ્ચર્યચકિત છે. આ દરમિયાન તેણે એક પોસ્ટ શેર કરી છે, જેમાં તેણે ઈમાનદારી અને સત્ય વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.તેણે લખ્યું- 'ક્યારેક મને લાગે છે કે એક ઈમાનદાર વ્યક્તિ વધારે ઈમાનદાર ન હોવો જોઈએ. જંગલમાં, સીધા થડવાળા વૃક્ષો પહેલા કાપવામાં આવે છે. સૌથી પ્રામાણિક વ્યક્તિએ સૌથી વધુ સહન કરવું પડે છે. પરંતુ તેમ છતાં તે પોતાની પ્રામાણિકતા છોડતો નથી. તેથી તે કરોડો લોકો માટે પ્રેરણા સ્રોત બને છે. આ પોસ્ટ શેર કરતી વખતે અનુપમ ખેરે કેપ્શનમાં લખ્યું - 'સત્ય...' અનુપમ ખેરના ચાહકો હવે તેમની પોસ્ટને લોકસભા ચૂંટણીના પરિણામો સાથે જોડી રહ્યા છે. ચાહકોને લાગે છે કે પીઢ અભિનેતાએ આ પોસ્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે લખી છે, જેના દ્વારા તેમણે પીએમ મોદીને ઈમાનદાર વ્યક્તિ ગણાવીને પોતાનું સમર્થન આપ્યું છે. ભાજપે ભલે ફૈઝાબાદ બેઠક ગુમાવી હોય, પરંતુ ભાજપ અને તેના સહયોગી એનડીએએ ઘણી બેઠકો જીતી છે. જેમાં વારાણસીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું શાનદાર પ્રદર્શન, અરુણ ગોવિલનું મેરઠ અને કંગના રનૌતનું મંડીમાં શાનદાર પ્રદર્શનનો સમાવેશ થાય છે.

### નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ મૂર્મુને સુપરત કર્યું રાજીનામું

# નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદેથી રાજીનામુ આપ્યું

## ૮ જૂને લઈ શકે છે દેશના ત્રીજા વડાપ્રધાન તરીકે શપથ

નવી દિલ્હી, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું છે. તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મને પોતાનું રાજનામું સુપરત કર્યું છે. લોકસભાનું વિસર્જન થાય છે ત્યારે વડાપ્રધાને તેમના પદ પરથી રાજીનામું આપવું પડે છે. આજે સવારે જ મોદી કેબિનેટે ૧૭મી લોકસભા ભંગ કરવાની ભલામણ કરી હતી. ઉલ્લેખનીય છે કે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળા નેશનલ ડેમોક્રેટિક એલાયન્સે ત્રીજી વખત બહુમતી પ્રાપ્ત કરી લીધી છે. એનડીએ ગઠબંધને લોકસભા ચૂંટણીમાં ૨૯૨ બેઠકો પર જીત પ્રાપ્ત કરી છે. જોકે બીજેપી એકલા હાલ હાથે બહુમતી માટે જરૂરી આંકડાને પાર કરી શકી નથી અને તેણે ૨૪૦ સીટથી જ સંતોષ માનવો પડ્યો છે. બીજી તરફ વિપક્ષના ઈન્ડિયા એલાયન્સે ૨૩૪ સીટો પર વિજય પ્રાપ્ત કર્યો છે. પરિણામોના બીજા જ દિવસે એટલે કે આજે નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપી દીધું છે. તેઓ બુધવારે બપોરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળવા માટે રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા. તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તેમના મંત્રી પરિષદનું રાજીનામું પણ સુપરત કર્યું. રાષ્ટ્રપતિએ તેમનું રાજીનામું સ્વીકાર્યું અને નવી સરકારની રચના સુધી વડા પ્રધાન અને કેન્દ્રીય મંત્રી પરિષદને તેમના પદ પર ચાલુ રાખવા વિનંતી કરી.લોકસભા ચૂંટણીમાં એનડીએને બહુમતી મળી છે અને ત્રીજી વખત સત્તા બનવા જઈ રહી છે. નવી સરકારની શપથ ગ્રહણની તારીખ અને સમય પણ નક્કી થઈ ગયો છે. સૂત્રોનું કહેવું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો શપથ ગ્રહણ સમારંભ ૮ જૂને સાંજે થાય તેવી શક્યતા છે. તેને લઈને તૈયારીઓ કઈ રીતે કરવી તેની પર ચર્ચા વિચારણ શરૂ થઈ ગઈ છે. નવા મંત્રી મંડળમાં ચેહરાઓને લઈને સહયોગી દળો સાથે વાતચીત અને બેઠકોનો ધમધમાટ શરૂ થયો છે. એવું કહેવાઈ રહ્યું છે કે બે-ત્રણ દિવસમાં નામોને ફાઈનલ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે લોકસભા ચૂંટણી ૨૦૨૪માં બીજેપીના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનને ૨૯૨ સીટો મળી છે. જો કે ભાજપ પોતાના દમ પર બહુમતીનો આંકડો સ્પર્શી શકી નથી. આવી સ્થિતિમાં કેન્દ્રમાં સત્તા કબજે કરવા માટે ભાજપે સાથી પક્ષોનો સહારો લેવો પડશે. આમાં તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના વડા ચંદ્રબાબુ નાયડુ અને બિહારના મુખ્યમંત્રી તેમજ જનતા દળ યુનાઈટેડના વડા નીતિશ કુમાર મહત્વની ભૂમિકા ભજવશે તેવું માનવામાં આવે છે. વાસ્તવમાં ભાજપને ત્રીજી વખત સરકાર બનાવવા માટે આ બંને પક્ષોની મદદની જરૂર છે. તેમનું મહત્વ જાણીને બંને પક્ષોના પ્રમુખ ભાજપ પાસે ઘણી માંગણીઓ કરી શકે છે.આંધ્રપ્રદેશમાં ૧૬ લોકસભા બેઠકો જીતનાર ટીડીપી એનડીએ સરકારને ટેકો આપવા બદલ સરકારમાં મોટા હિસ્સાની માંગ કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એવું કહેવામાં આવી રહ્યું છે કે નાયડુની સૌથી મોટી માંગ લોકસભા અધ્યક્ષ પદની છે. તમને જણાવી દઈએ કે્ હૂઁ ચીફ ચંદ્રબાબુ નાયડુ કયા મંત્રાલયોની માંગ કરી શકે છે. નાયડુ ૫ થી ૬ કે તેથી વધુ મંત્રાલયો માંગી શકે છે. ત્રીજી વખત પીએમ પદના શપથ લેતા જ નરેન્દ્ર મોદીના નામે એક નવો રેકોર્ડ જોડાશે. તેઓ દેશના બીજા એવા નેતા બનશે, જે સતત ત્રીજી વખત ચૂંટણી જીત્યા અને દેશના પીએમ બનશે. આ પહેલા આ રેકોર્ડ જવાહર લાલ નહેરુંના નામે છે. મોદી તેમના રેકોર્ડની બરાબરી કરશે.

### મુંબઈમાં વરસાદની એન્ટ્રી

# મુંબઈમાં વરસાદ પડતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

## ગુરુ તેઘ બહાદુર નગર રેલવે સ્ટેશન પાસેના વિસ્તારમાં વરસાદ

મુંબઈ, તા.૫

ચોમાસાની દસ્તક પહેલા મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદની એન્ટ્રી થઈ છે. મુંબઈ સહિત આસપાસના વિસ્તારોમાં આજે વહેલી સવારથી વરસાદ વરસી રહ્યો છે. ગુરુ તેઘ બહાદુર નગર રેલવે સ્ટેશન પાસેના વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. જેને લઈ મુસાફરોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. સાથે જ દાદર અને માટુંગાની આસપાસના વિસ્તારોમાં પણ વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. તો આ તરફ હવામાન વિભાગની આગાહી પ્રમાણે ૧૦ જૂન સુધીમાં મુબંઈ સહિત મહારાષ્ટ્રમાં ચોમાસું બેસી શકે છે. જેને લઈ પ્રિ મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ ચૂકી છે અને મુંબઈમાં વરસાદ વરસી રહ્યો છે.
દક્ષિણ પશ્ચિમ ચોમાસું કેરળથી આગળ વધીને ગોવા પહોંચ્યું છે. જ્યાંથી હવે ૧૦ જૂન સુધીમાં મહારાષ્ટ્ર પહોંચશે. જે બાદ ગુજરાતમાં ૧૪ જૂન સુધીમાં ચોમાસું બેસવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

મુંબઈગરાઓને ટૂંક સમયમાં આકરી ગરમી અને તડકાથી રાહત મળી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગોવામાં ચોમાસું આવી ગયું છે અને આગામી ૪ થી ૫ દિવસમાં મુંબઈમાં પણ ચોમાસું બેસી જવાની શક્યતા છે. નવી મુંબઈમાં છેલ્લા બે દિવસથી પ્રિ મોન્સુન વરસાદ પડી રહ્યો છે, પરંતુ મુંબઈગરાઓને હજુ પણ કાળઝાળ ગરમીમાંથી રાહત મળી રહી નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મંગળવારે મુંબઈનું મહત્તમ તાપમાન ૩૫.૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિવસ દરમિયાન ભેજનું પ્રમાણ ૬૦ ટકા અને રાત્રે ૬૮ ટકા નોંધાયું હતું. છેલ્લા ઘણા દિવસોથી તાપમાનનો આ જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, જેના કારણે લોકો ખૂબ જ પરેશાન છે, પરંતુ હવે ટૂંક સમયમાં ગરમીથી રાહત મળી શકે છે. પ્રાદેશિક હવામાન વિભાગના નિર્દેશક સુનીલ કાંબલેએ જણાવ્યું કે ગોવામાં ચોમાસું બેસી ગયું છે. જો સ્થિતિ અનુકુળ રહેશે તો આગામી ૪ થી ૫ દિવસમાં ચોમાસું મુંબઈમાં આવી જશે. રાજ્યના અનેક ભાગોમાં પ્રિ મોન્સુન વરસાદ પડી રહ્યો છે. હવામાનશાસ્ત્રી રાજેશ કાપડિયાએ જણાવ્યું હતું કે નવી મુંબઈમાં પ્રિ મોન્સુન શરૂ થઈ ગયું છે, આજે મુંબઈમાં પણ પ્રિ મોન્સુન વરસાદ પડે તેવી શક્યતા છે. હાલના સમીકરણને જોતા એવું લાગે છે કે ચોમાસું ૧૦જૂને મુંબઈમાં ધસી આવશે. મુંબઈમાં રાત્રિના તાપમાનમાં રેકોર્ડ સર્જાયો છે. છેલ્લા ૧૮ દિવસોમાંથી ૧૬ દિવસમાં લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું છે, જ્યારે ૩ જૂને તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું.

### ડેપ્યુટી સીએમ પદથી મુક્ત કરવા કરી વિનંતી

# દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રમાં ભાજપની હારની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી

## હું સરકારમાં રહેવાને બદલે રાજ્યમાં પાર્ટીની મજબૂતી માટે કામ કરવા માંગુ છું: દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈ, તા.૫

લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થતા જ મહારાષ્ટ્રના રાજકારણમાં ભારે હલચલ જોવા મળી રહી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યમાં ભાજપની હારની સંપૂર્ણ જવાબદારી લીધી છે. એટલું જ નહીં રાજ્યમાં પાર્ટીની હારની જવાબદારી લેતા તેમણે પાર્ટીના વરિષ્ઠ નેતાઓને મહારાષ્ટ્ર સરકારની જવાબદારીમાંથી મુક્ત કરવા વિનંતી કરી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે, 'રાજ્યમાં એનડીએને જે બેકઅપ મળ્યું છે તેની સંપૂર્ણ જવાબદારી હું લઉં છું. હું આ હારની જવાબદારી લઉં છું. હું ભાજપના વરિષ્ઠ નેતાઓને વિનંતી કરીશ કે મને સરકારની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવે.'' સરકારી જવાબદારીઓ માંથી મુક્ત થવાની ઈચ્છા વ્યક્ત કરતા દેવેન્દ્ર ફડણવીસે વધુમાં કહ્યું કે, "મને પાર્ટી સંગઠનની જવાબદારી સોંપવામાં આવે. મહારાષ્ટ્રમાં ભવિષ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. હું સરકાર સાથે રહીશ અને માર્ગદર્શન કરતો રહીશ. હું સરકારમાં રહેવાને બદલે રાજ્યમાં પાર્ટીની મજબૂતી માટે કામ કરવા માંગુ છું.''

### ઈટાલીના વડાપ્રધાને મોદીને અભિનંદન પાઠવ્યા

# વૈશ્વિક નેતાઓએ નરેન્દ્ર મોદીને જીત માટે પાઠવ્યા અભિનંદન

## ઈટલીના વડાપ્રધાનથી લઈને માલદીવના રાષ્ટ્રપતિ સુધીના વૈશ્વિક નેતાઓએ નરેન્દ્ર મોદીને જીત માટે પાઠવ્યા

નવી દિલ્હી, તા.૫

નરેન્દ્ર મોદી જંગીએ લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ફરી જંગી મતોથી જીત મેળવી છે. ભાજપને બહુમતી ન મળે તો પણ એનડીએ ગઠબંધન જાદુઈ આંકડા સુધી પહોંચી ગયું છે. પરિણામે જો બધું બરાબર રહેશે તો નરેન્દ્ર મોદી ફરી સરકાર બનાવશે. એટલા માટે ઈટાલિયન વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીથી લઈને માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુ સુધીના ભૂતપૂર્વ અને વર્તમાન રાજ્ય વડાઓએ તેમની જીત માટે તેમને અગાઉથી અભિનંદન આપ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઈટાલીના વડાપ્રધાન સાથેના સંબંધો કોઈનાથી અજાણ્યા નથી. સ્વાભાવિક રીતે, જ્યોર્જિયા મેલોનીએ વારાણસીના સાંસદ તરીકે નરેન્દ્ર મોદીની હેટ્રિક અને NDA ગઠબંધન પછી તેમને અભિનંદન ટ્વીટ કર્યા. તેમણે ટ્વીટર પર લખ્યું, "ચૂંટણી જીતવા બદલ નરેન્દ્ર મોદીને અભિનંદન. અમે ઈટાલી અને ભારતને એક કરવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખીશું અને અમારા લોકોના ભલા માટે વિવિધ મુદ્દાઓ પર સહયોગને એકીકૃત કરીશું.''

ઈટાલીના વડાપ્રધાનના અભિનંદનથી અભિભૂત થઈને નરેન્દ્ર મોદીએ પણ તેમનો આભાર માન્યો હતો. તેમણે ટ્વિટર પર જણાવ્યું હતું કે, તેમણે ભારત-ઈટાલીના રાજદ્વારી સંબંધોને વધુ ગાઢ બનાવવાનું વચન આપ્યું હતું. ઈટલીના વડાપ્રધાન જ નહીં પરંતુ માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુએ પણ નરેન્દ્ર મોદીને તેમની જીત પર અભિનંદન પાઠવ્યા હતા. રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા બાદથી મોહમ્મદ મુઈજ્જુ વિવિધ મુદ્દાઓ પર ભારતનો વિરોધ કરીને દેશ-વિદેશમાં વિવાદોમાં ફસાયા હતા. પરંતુ આ વખતે તેમણે જૂના સંઘર્ષને પાછળ છોડીને નરેન્દ્ર મોદીને તેમની જીત માટે અભિનંદન પાઠવ્યા હતા. મુઈજ્જુએ બંને દેશોની સમૃદ્ધિ અને સ્થિરતા જાળવવા સાથે મળીને કામ કરવાનો સંદેશ પણ આપ્યો હતો. તે જ સમયે, માલદીવના ઉપરાષ્ટ્રપતિ હુસૈન મોહમ્મદ લતીફ, પ્રથમ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદ, પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ્લા શાહિદે પણ મોદીને અભિનંદન પાઠવ્યા હતા.

એ જ રીતે ભૂટાનના વડા પ્રધાન શેરિંગ ટોબેગીએ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા નરેન્દ્ર મોદી સાથે મજબૂતીથી કામ કરવાનો સંદેશ આપ્યો છે. ટોબેગીએ ભારતને મહાન ઉંચાઈ પર લઈ જવા માટે વડાપ્રધાન મોદીની પણ પ્રશંસા કરી હતી. ફરી નેપાળના વડાપ્રધાન પુષ્પકમલ દહલે પણ ભાજપ અને એનડીએ ગઠબંધનની જીત માટે અભિનંદન પાઠવ્યા છે. તેમણે વિશ્વના સૌથી મોટા લોકતાંત્રિક ઉત્સવમાં ભાગ લેવા બદલ ભારતના તમામ લોકોને અભિનંદન પણ પાઠવ્યા હતા.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે અને વિપક્ષના નેતા સાજીથ પ્રેમદાસાએ પણ નમોને તેમની જીત પર અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ટ્વિટર પર લખ્યું છે કે તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતના લોકોની સમૃદ્ધિ અને પ્રગતિની ખાતરી છે.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સરથ ફોનસેકાથી લઈને પૂર્વ રાષ્ટ્રપતિ મહિન્દ્રા રાજપક્ષે સુધી, મોદીના વિઝન અને દ્રઢ નિશ્ચયની પ્રશંસા કરવામાં આવી હતી અને તેમની જીત પર તેમને અભિનંદન આપ્યા હતા. બીજી તરફ, મોરેશિયસના પૂર્વ વડાપ્રધાન પ્રવિંદ કુમાર જુગનાથે નરેન્દ્ર મોદીને તેમની ત્રીજી ભવ્ય જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે એમ પણ કહ્યું કે મોદીના નેતૃત્વમાં ભારત-મોરેશિયસ વિશેષ દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત થશે.જમૈકાના વડા પ્રધાન એન્ડ્રૂ હોલનેસ, બાર્બાડોસના વડા પ્રધાન મિયા એમોર મોટેલોએ પણ નરેન્દ્ર મોદીને તેમની વિશાળ જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. બાર્બાડોસના વડા પ્રધાને જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વ નેતા બન્યું છે અને બાર્બાડોસ ભારતનું ભાગીદાર છે અને આવનારા દિવસોમાં સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

### કેન્દ્રીય મંત્રી આરકે સિંહ હારી ગયા

# લોકસભા ચૂંટણીમાં કેટલાક રાજ્યમાં મોદીનો જાદૂ ના ચાલ્યો

## ધારણા કરતાં ઓછી બેઠકો પર જીત મેળવી

નવી દિલ્હી, તા.૫

નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)એ બિહારમાં ૭૫ ટકા બેઠકો જીતી પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું, પરંતુ ૨૦૧૯ની જેમ આ વખતે મોદીનો ખાસ કોઈ જાદુ ચાલ્યો નહીં. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૪૦માંથી ૩૯ બેઠકો જીતનાર NDAને આ વખતે માત્ર ૩૦ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે. ગત વખતે મહાગઠબંધન કિશનગંજની માત્ર એક બેઠક જીતી શક્યું હતું. આ વખતે તેણે નવ બેઠકો જીતી છે. NDA, BJP અને JDU તરફથી અપક્ષ તરીકે પપ્પુ યાદવે ૧૭ અને ૧૬ બેઠકો પર ચૂંટણી લડી હતી. બંને પક્ષોએ ૧૨-૧૨ બેઠકો જીતી હતી. ચિરાગ પાસવાનની આગેવાની હેઠળની LJP (RA)એ તેની તમામ પાંચ બેઠકો જીતીને ૧૦૦ ટકા સફળતાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. જીતન રામ માંઝીના હિન્દુસ્તાની આવામ મોરચા (HAM)એ પણ તેની એકમાત્ર ગયા બેઠક જીતી છે. એનડીએના સાથી ઉપેન્દ્ર કુશવાહાને આ વખતે પણ કરકટથી હારનો સામનો કરવો પડ્યો હતો જેના કારણે તેમનો પક્ષ રાષ્ટ્રીય લોક મોરચા (RLMO) પોતાનું ખાતું ખોલાવી શકી ન હતી. આરજેડીએ ૨૩ બેઠકો પર ચૂંટણી લડી હતી પરંતુ માત્ર ચાર બેઠકો જીતી શકી હતી. કોંગ્રેસે નવમાંથી ત્રણ બેઠકો જીતી હતી જ્યારે CPI(ML)એ ત્રણમાંથી બે બેઠકો જીતી હતી. આ વખતે પણ મુકેશ સાહનીના નેતૃત્વવાળી વિકાસશીલ ઈન્સાન પાર્ટી (VIP) ત્રણ બેઠકો પર ચૂંટણી લડી હતી અને તમામમાં હારી ગઈ હતી. સીપીઆઈ અને સીપીએમને પણ એક-એક બેઠક પર હારનો સામનો કરવો પડ્યો હતો. કેન્દ્રીય ઉર્જા મંત્રી આરકે સિંહને આરાથી હારનો સામનો કરવો પડ્યો છે. CPI(ML)ના સુદામા પ્રસાદે આ બેઠક ભાજપ પાસેથી છીનવી લીધી છે. એ જ રીતે પાટલીપુત્રથી ભાજપની ટિકિટ પર સતત બે ટર્મથી જીતી રહેલા પૂર્વ કેન્દ્રીય રાજ્ય મંત્રી રામકૃપાલ યાદવને પણ હારનો સામનો કરવો પડ્યો છે. પાટલીપુત્રના લોકોએ ત્રીજા પ્રયાસમાં જીત માટે લાલુ પ્રસાદની મોટી પુત્રી મીસા ભારતીને આશીર્વાદ આપ્યા છે.ડાબેરી ઉમેદવાર ભોજપુરી સુપરસ્ટાર પવન સિંહની હાજરીએ પૂર્વ કેન્દ્રીય મંત્રી ઉપેન્દ્ર કુશવાહાને કરકટમાં ત્રીજા સ્થાને ધકેલી દીધા છે. CPI(ML)ના રાજારામ સિંહ કુશવાહા અહીંથી જીત્યા હતા. પવન સિંહ બીજા ક્રમે રહ્યા હતા. વિધાન પરિષદના અધ્યક્ષ દેવેશચંદ્ર ઠાકુર સીતામઢીથી અને લવલી આનંદ શિવહરથી જીત્યા છે. એ જ રીતે, રવિશંકર પ્રસાદ પટના સાહિબથી, ગિરિરાજ સિંહ બેગુસરાયથી, રાધા મોહન સિંહ પૂર્વ ચંપારણથી, રાજીવ રંજન પ્રસાદ સિંહ ઉર્ફે લલન સિંહ મુંગેરથી અને સુરેન્દ્ર યાદવ જહાનાબાદ બેઠક પરથી જીત્યા છે.નેતાઓના પુત્ર-પુત્રીઓ પણ મોટી સંખ્યામાં ચૂંટણી લડ્યા હતા. જેમાં હાજીપુરથી ચિરાગ પાસવાન, સમસ્તીપુરથી મંત્રી અશોક ચૌધરીની પુત્રી શાંભવી ચૌધરી, નવાદાથી સીપી ઠાકુરના પુત્ર વિવેક ઠાકુર અને પાટલીપુત્રથી લાલુ પ્રસાદની મોટી પુત્રી મીસા ભારતીએ જીત મેળવી છે. જ્યારે સારણથી લાલુ પ્રસાદની પુત્રી રોહિણી આચાર્ય, પટના સાહિબથી મીરા કુમારના પુત્ર અંશુલ અવિજીત, સની હજારી, સમસ્તીપુરથી મંત્રી મહેશ્વર હજારીના પુત્ર આકાશ સિંહ, મહારાજગંજથી કોંગ્રેસના સાંસદ અખિલેશ પ્રસાદ સિંહના પુત્રને હારનો સામનો કરવો પડ્યો હતો.આ લોકસભા ચૂંટણીમાં NDAએ ઉત્તર બિહારનો પોતાનો કિલ્લો જાળવી રાખ્યો હતો. આ વખતે પણ ઉત્તર બિહાર અને તિરહુતની તમામ બેઠકો પર ભાજપ, જેડીયુ અને એલજેપીના ઉમેદવારો વિજયી થયા હતા. મહાગઠબંધન દક્ષિણ બિહારમાં તૂટવાથી એનડીએને ભારે નુકસાન થયું છે. જો તબક્કાવાર વિશ્લેષણ કરવામાં આવે તો લોકસભાની ચૂંટણીનો પ્રથમ અને બીજો તબક્કો ટાઈ થયો હતો.પ્રથમ તબક્કાની ચાર બેઠકોમાંથી બંને ગઠબંધનને બે-બે બેઠકો મળી હતી. બીજા તબક્કાની પાંચ બેઠકોમાં, સ્કોર બે-બે હતો જ્યાં એક બેઠક અપક્ષે જીતી હતી. આ પછી ત્રીજાથી છઠ્ઠા તબક્કા સુધી યોજાયેલી ચૂંટણીની તમામ ૨૩ બેઠકો પર NDAએ જીત મેળવી હતી. છેલ્લા તબક્કામાં ગ્રાન્ડ એલાયન્સે પુનરાગમન કર્યું હતું અને આઠમાંથી ૭ બેઠકો કબજે કરી હતી.

### અનેક ટ્વીટ થયા વાયરલ

# અયોધ્યાના બોયકોટને લઈ સોશિયલ મીડિયા ગરમાયું

## અયોધ્યામાં ભાજપની હારનો સોશિયલ મીડિયા રોષ

નવી દિલ્હી, તા.૫

લોકસભા ચૂંટણીમાં મિશ્ર પરિણામો આવ્યા છે. ચૂંટણીમાં ભાજપને અયોધ્યામાં મળેલ હાર વધુ આંચકાજનક છે. અયોધ્યામાં ભાજપની હારની દેશભરમાં ચર્ચા થાય છે. અયોધ્યામાં મળેલ હારને લઈને એનાલિસિસ કરવામાં આવી રહ્યું છે. ચૂંટણી પરિણામો પછી દરેકના મનમાં એક જ સવાલ થાય છે કેમ ભાજપ અયોધ્યામાં હાર્યું? અયોધ્યામાં રામમંદિર નિર્માણ બાદ ભાજપ નિશ્ચિત થઈ ગયું હતું કે અંહી તેમની જીત નિશ્ચિત છે. જો કે આ પરિણામોએ સ્પષ્ટતા કરી છે કે વિકાસ અને હિંદુત્વનો મુદ્દો મતદારો પર અસર નથી કરી રહ્યું. અયોધ્યામાં થયેલા વિકાસ બાદ લોકસભા ચુંટણીના જે પરિણામો આવ્યા છે તેને જોતા સ્પષ્ટ થાય છે કે મતદારો હિંદુત્વની વાતને નકારી રહ્યા છે અયોધ્યામાં બીજેપીની હાર બાદ લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે તેમાં દિગગજ નેતાઓની સાથે સાથે બૉલીવુડ સ્ટાર્સ અને સંતો મહંતો પણ સતત પ્રતિક્રિયા આપી રહ્યા છે

જેમાં હનુમાન ગઢીના મહંત રાજુ દાસે X પર પોસ્ટ કરતા લખ્યું કે, 'સારું થયું રામાયણમાં રામજી રાવણ સાથે યુદ્ધ કરવા માટે વાનરો અને રીંછોને જ લઈ ગયા હતા! જો અયોધ્યાવાસીઓને લઈ જતા તો સોનાની લંકામાં સોનાના ચક્કરમાં રાવણ સાથે પણ સમાધાન કરી લેત.' જ્યારે બીજી તરફ અનપુમ ખેરે પણ સોશિયલ મીડિયા પર પોતાનો રોષ વ્યકત કર્યો છે સાથે ૨રામાયણ' શોના લક્ષ્મણ ભૂમિકા ભજવીને પ્રખ્યાત બનેલા સુનીલ લાહિરીએ પરિણામો પર નિરાશા વ્યકત કરી જયારે શો 'રામાયણ'માં સીતાના રોલમાં જોવા મળેલી દીપિકા ચિખલિયાએ ચૂંટણી પરિણામોને લઈને એક વીડિયો શેર કર્યો છે. પરિણામ આવ્યા બાદ સર્જાયેલા હંગામાના વાતાવરણથી દીપિકા પણ પરેશાન છે. વીડિયોમાં દીપિકા કહે છે કે લોકો ગરમીથી પરેશાન છે અને તે પણ પરેશાન છે. કેપ્શનમાં તેણે લખ્યું- આ ગરમી શું છે, શું આ ચૂંટણીને કારણે છે?

### આતંકવાદના આરોપમાં છે જેલમાં બંધ

# લોકસભા ચૂંટણીમાં જેલમાં બંધ બે આરોપી ઉમેદવાર જીત્યા

## આરોપી ઉમેદવાર કઈ રીતે લેશે શપથ તે લોકોના મનમાં સવાલ

નવી દિલ્હી, તા.૫

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો આવી ગયા છે. હવે ફરી નવી સરકાર રચવા માટે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. આ ચૂંટણીમાં કેટલાક કિસ્સાઓ ચોકાવનારા છે. જેમાં જેલમાં બેઠેલા ઉમેદવારો ચૂંટણી લડવી અને જીતવું સામેલ છે. ખાલિસ્તાન સમર્થક નેતા અમૃતપાલ સિંહ ઉપરાંત આતંકવાદી ગતિવિધિઓને કારણે પાંચ વર્ષથી તિહારમાં જેલમાં બંધ કાશ્મીરી નેતા અબ્દુલ રશીદ પણ જીત્યો હતો. પરંતુ હવે તેમા વિચિત્ર સ્થિતિ ઉભી થઈ છે, અને આ કિસ્સામાં અનેક સવાલો થઈ રહ્યા છે.ડિબ્રુગઢ જેલમાં બંધ ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહ પંજાબની ખડૂર સાહિબ બેઠક પરથી ચૂંટણી જીતી હતી, જ્યારે શેખ અબ્દુલ રશીદે અપક્ષ હોવા છતાં બારામુલ્લા (કાશ્મીર) લોકસભા બેઠક પરથી નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાને હરાવ્યા હતા. બંને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે અલગ-અલગ રાજ્યોની જેલમાં બંધ છે. કાયદાકીય રીતે જોઈએ તો ગુનાઓ ખૂબ ગંભીર છે. પરંતુ બંધારણ જેલમાં કેદ લોકોને ચૂંટણી લડવાની પરવાનગી આપે છે, તેથી તે જીતી ગયો. હવે સવાલ એ છે કે આગળ શું થશે? જેલમાં બંધ ઉમેદવારો વિજેતા બનતા હવે લોકોના મનમાં સવાલ ઉઠ્યા છે કે શપથવિધિ કઈ રીતે લઈ શકશે. જનપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ મુજબ ઓછામાં ઓછી ૧૮ વર્ષની ઉંમર અને સંપુર્ણ માનસિક સ્વાસ્થ્ય ધરાવતો કોઈપણ ભારતીય ચૂંટણી લડી શકે છે. જેલમાં કે કાનૂની કસ્ટડીમાં હોય તેવા કેદીઓ પણ આ શ્રેણીમાં આવે છે, ભલે આરોપો સાબિત ન થયા હોય. એટલા માટે એન્જિનિયર રાશિદ અને અમૃતપાલ સિંહને ચૂંટણી લડવાની પરવાનગી મળી. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ મુજબ દરેક સાંસદો અને ધારાસભ્યોમાંથી લગભગ ત્રીજા ભાગના લોકો ફોજદારી કેસોનો સામનો કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, જો સાંસદો અને ધારાસભ્યો કોઈ અપરાધમાં દોષી સાબિત થાય છે, તો તેમણે તાત્કાલિક તેમનું પદ છોડવું પડશે. આ નિર્ણયથી લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૮(૪) વર્ચ્યુઅલને એક રીતે રદ કરવામાં આવી છે. જે દોષિત સાંસદોને તેમની સજા સામે અપીલ કરવા માટે ત્રણ મહિનાનો સમય આપે છે. અનો મતલબ એ થયો કે, જો એન્જિનિયર રાશિદ અથવા અમૃતપાલ સિંહ તેમના આરોપોમાં દોષી સાબિત થાય તો તેઓએ તાત્કાલિક અસરથી લોકસભામાં તેમની બેઠક છોડી દેવી પડે. તેનું સૌથી મોટું કારણ તેમના ગુનાની ગંભીરતા છે.રશીદ ગેરકાનૂની ગતિવિધિ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ જેલમાં છે. વર્ષ ૨૦૧૯માં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (ફ્રંઇછ) એ ટેરર ફંડિંગના આરોપમાં રાશિદની ધરપકડ કરી હતી. દેશના ઈતિહાસમાં તે પહેલા એવા નેતા હતા, જેમના પર આતંકવાદી ગતિવિધિઓનો આરોપ લાગ્યો હતો. એજ રીતે ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (NSA) હેઠળ જેલમાં છે. બંને દેશની સુરક્ષાના ભંગ કરવાનો આરોપ છે, જે સાબિત થાય તો તેને મુશ્કેલ બની શકે છે.જેલમાં બંધ ચૂંટાયેલા પ્રતિનિધિઓને શપથ લેવા માટે સામાન્ય રીતે અસ્થાયી રૂપે જામીન અથવા પેરોલ પર મુક્ત કરવામાં આવે છે. આવા કેટલાય ઉદાહરણો છે. જેમ કે, વર્ષ ૨૦૨૦માં અલ્હાબાદ હાઈકોર્ટે મ્જીઁ નેતા અતુલ રાયને સંસદ સભ્ય તરીકે શપથ લેવા માટે પેરોલ પર છોડવામાં આવ્યો હતો. સપા ધારાસભ્ય નાહિદ હસનને વર્ષ ૨૦૨૨માં યુપીમાં વિધાનસભાના શપથ ગ્રહણ માટે જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો.

ભૂતકાળના કેટલાક જૂના દાખલા જોઈએ તો, અમૃતપાલ અને રાશિદ બંનેને કામચલાઉ મુક્તિ મળી શકે છે, જેથી તેઓ લોકસભાના સભ્યો તરીકે શપથ લઈ શકે. તો શું કાયદાકીય રીતે સાંસદો અને ધારાસભ્યો આવું કરી શકે છે, આ પ્રશ્ન થોડો પેચીદો છે. આમ તો ઘણા રસ્તાઓ છે, જે દ્વારા ઓનલાઈન મીટિંગ કરી શકાય છે અને નિર્ણયો લઈ શકાય છે. જેલમાં બેઠેલા ધારાસભ્યો અથવા સાંસદો તેમની પાર્ટીના સીનિયર સભ્યો, કાયદાકીય ટીમ અને પરિવારના સભ્યો દ્વારા વિવિધ સમસ્યાઓ સાંભળી અને સમજી શકે છે. પરંતુ- તેઓ સંસદના સત્રમાં ભાગ લઈ શકતા નથી. આ ઉપરાંત, એવી પણ સમસ્યા થઈ શકે કે છે કે, તેઓ લોકો સાથે સીધો સંવાદ કરી શકતા નથી. અલગ - અલગ જેલોનું મેન્યુઅલ હોય છે, જે નક્કી કરે છે કે એક કેદી કેટલા લોકોને મળી શકે છે. તેનો સમય પણ ફિક્સ હોય છે. નેતાની જરૂરિયાતો પૂરી કરવામાં આ પણ અવરોધ છે. એક મુશ્કેલી એ હશે કે, કેટલાક મુદ્દાઓ સંવેદનશીલ હોય છે, અને જેલમાં રહીને તેનું પાલન કરી શકાતું નથી. એકંદરે, ત્યાં ઘણી પ્રેક્ટિકલ મુશ્કેલી આવી શકે છે.

### પસંદ ના પડ્યો કોઈ ઉમેદવાર

# ગુજરાતના ૪.૫૯ લાખથી વધુ મતદારોએ દબાવ્યું નોટાનું બટન

## પરિણામ પર તેની કેટલાંક અંશે અસર જરૂર વર્તાઈ

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં કુલ ૨.૮૮ કરોડ મત પડ્યા હતા અને તેમાંથી ૪.૫૯ લાખ મતદારોએ 'નન ઓફ ધ અબોવ' (નોટા) ઉપર પસંદગી ઉતારીને તેમની - સમક્ષ ઉપલબ્ધ તમામ ઉમેદવારોના વિકલ્પને જાકારો આપ્યો હતો. 'નોટા' નો સૌથી વધુ ઉપયોગ કરવામાં દાહોદ, છોટા ઉદેપુર, બારડોલી જેવી આદિવાસી બેઠક મોખરે રહ્યાં. ગત ટર્મ કરતા નોટાના ઉપયોગમાં ૧૦ ટકાનો વધારો થયો હોવાનું પણ પરિણામો બાદ સામે આવ્યું.

'નોટા' ને મામલે એસટી બેઠક દાહોદ સતત બીજી લોકસભા ચૂંટણીમાં મોખરે રહ્યું હતું. ૨૦૧૯માં ૩૧,૯૩૬ જયારે ૨૦૨૪માં ૩૪,૯૩૫ મતદારોએ 'નોટા' ઉપર પસંદગી ઉતારી હતી. 'નોટા'માં અન્ય એક એસટી બેઠક છોટા ઉદેપુર ૨૯૯૫૫ સાથે બીજા સ્થાને છે. સૌથી વધુ નોટામાં બારડોલી ૨૫૫૪૨ સાથે ત્રીજા, ભરૂચ ૨૩૨૮૩ સાથે ચોથા અને બનાસકાંઠા ૨૨૧૬૦ સાથે પાંચમાં સ્થાને હતું. જામનગરની બેઠકમાંથી સૌથી ઓછા ૧૧ હજાર લોકોએ નોટા ઉપ પસંદગી ઉતારી હતી. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાંથી ૪,૦૦,૯૩૨ દ્વારા નોટા ઉપર પસંદગી ઉતારવામાં આવી હતી.

| બેઠક | NOTA |
|---|---|
| દાહોદ(ST) | ૩૪,૯૩૮ |
| છોટા ઉદેપુર (ST) | ૨૯,૬૫૫ |
| ભરૂચ | ૨૩,૨૮૩ |
| બનાસકાંઠા | ૨૨,૧૬૦ |
| ગાંધીનગર | ૨૨,૦૦૫ |
| સાબરકાંઠા | ૨૧,૦૭૬ |
| નવસારી | ૨૦,૪૬૨ |
| પંચમહાલ | ૨૦,૧૦૩ |
| ખેડા | ૧૮,૮૨૪ |
| ભાવનગર | ૧૮,૭૬૫ |
| કચ્છ(SC) | ૧૮,૬૦૪ |
| વલસાડ(ST) | ૧૮,૩૮૮ |
| પાટણ | ૧૬,૭૨૨ |
| આણંદ | ૧૫,૯૩૦ |
| રાજકોટ | ૧૫,૯૨૨ |
| જુનાગઢ | ૧૪,૦૧૩ |
| અમદાવાદ પશ્ચિમ(SC) | ૧૪,૦૦૭ |
| પોરબંદર | ૧૩,૦૦૪ |
| સુરેન્દ્રનગર | ૧૨,૭૯૬ |
| મહેસાણા | ૧૧,૬૨૬ |
| અમરેલી | ૧૧,૩૪૯ |
| જામનગર | ૧૧,૦૮૪ |
| અમદાવાદ પૂર્વ | ૧૦,૫૦૩ |

### રાજયના વાતાવરણમા આવ્યો પલટો

# મધ્ય ગુજરાત-દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી થઈ

## નવસારી જિલ્લાના વાતાવરણમાં અચાનક ઠંડક થવાની સાથે જિલ્લાની પૂર્વ પટ્ટીમાં વરસાદ થયો હતો

અમદાવાદ, તા.૫

દેશના રાજકીય વાતાવરણમાં આવેલા પલટા બાદ અચાનક ગુજરાતની આબોહવામાં એકદમ ઠંડક નોંધાઈ છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ આજે અચાનક રાજયના વાતાવરણમા પલટો આવ્યો છે, તેમણે કરેલી આગાહી મુજબ આજે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોને ગરમીથી આંશિક રાહત મળી શકે છે. જેને સાથે આજે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસવાની સંભાવના જણાવવામાં આવી છે.

ઉપરાંત મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના શહેરોમાં વરસાદના હળવા ઝાપટા પડે તેવી શક્યતાઓ વ્યક્ત કરી છે. દક્ષિણ ગુજરાતમાં પલટાયેલા વાતાવરણને કારણે નવસારી જિલ્લાના વાતાવરણમાં અચાનક ઠંડક થવાની સાથે જિલ્લાની પૂર્વ પટ્ટીમાં વરસાદ થયો છે. આ સાથે ગણદેવી બીલીમોરાના આસપાસ ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ થયો છે.

સુરત શહેરની વાત કરીએ તો સુરતમાં પણ વરસાદી માહોલ જામ્યો હોવાથી સુરતીલાલા પણ ખુશ મિજાજ થયા. વેડ રોડ,રિંગ રોડ,કતારગામ,વિસ્તારમાં વરસાદના અમી છાંટા પડ્યા છે. કાળા ડિબાંગ વાદળ સાથે વરસાદી વાતાવરણ છવાયું છે. વરસાદી છાંટા પડતા લોકોને ગરમીથી આંશિક રાહત મળી છે.

હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતના બીજા અનેક શહેરોમાં હળવા ઝાપટા પડે તેવી શક્યતાઓ વ્યક્ત કરવાની સાથે ૮ અને ૯મી જૂને પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. બીજી તરફ અમદાવાદમાં બે દિવસ વાદળછાયું વાતાવરણ રહે તેવી શક્યતાઓ જણાવવામાં આવી છે.

આગાહી અનુસાર અમદાવાદ, અમરેલી, ગાંધીનગર, ખેડા, મહીસાગર, મહેસાણા, પાટણ, રાજકોટ, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં ૪૦ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવના છે. બીજી તરફ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, છોટાઉદેપુર, મોરબી, નર્મદા, પંચમહાલ, વડોદરા સહિતના જિલ્લાઓમાં ૩૯ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવના છે. આ તરફ ભરુચ, ભાવનગર, દાહોદ, જુનાગઢ, કચ્છ સહિતના જિલ્લોમાં ૩૮ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવનાઓ વ્યક્ત કરાઈ છે.

### નીતિશ કુમારે ચિત્ર સ્પષ્ટ કરી દીધું

# કેન્દ્રમાં અવિલંબ સરકાર ગઠન થવી જોઈએ : નીતિશ

## બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની આ જાહેરાત બાદ તમામ રાજકીય કિંતુ-પરંતુ પર વિરામ લાગી ગયો છે

નવી દિલ્હી, તા.૫

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામ સામે આવી ચુક્યા છે. દેશની જનતાએ એનડીએને સ્પષ્ટ બહુમત આપ્યો છે. ભાજપની આગેવાનીમાં એનડીએ સતત ત્રીજી વાર સરકાર બનાવવાની સ્થિતિમાં છે. આ દરમ્યાન દેશની રાજધાની દિલ્હીમાં બુધવારે એનડીએના ઘટક દળના ટોચના નેતાઓની બેઠક થઈ. સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે ટીડીપી નેતા ચંદ્રબાબૂ નાયડૂ પણ સામેલ થયા. સીએમ નીતિશ કુમારે એનડીએને ફુલ સપોર્ટ આપતા કહ્યું કે, કેન્દ્રમાં અવિલંબ સરકાર ગઠન થવી જોઈએ. નીતિશ કુમારની આ જાહેરાત બાદ તમામ રાજકીય કિંતુ-પરંતુ પર વિરામ લાગી ગયો છે.

લોકસભા ચૂંટણીના પરિણામ અનુસાર, ભારતીય જનતા પાર્ટીને ૨૪૦ સીટો મળી છે, જે પૂર્ણ બહુમતથી ૩૨ સીટો ઓછી છે. મુખ્ય સહયોગી એન.ચંદ્રબાબૂ નાયડૂની તેલુગુ દેશમ પાર્ટી અને નીતિશ કુમારની જેડીયૂએ આંધ્ર પ્રદેશ અને બિહારમાં ક્રમશઃ ૧૬ અને ૧૨ સીટો જીતી છે. આ બંને અને અન્ય ગઠબંધન સહયોગીઓના સમર્થનથી એનડીએ બહુમતનો આંકડો પાર કરી લીધો છે. ભારતીય જનતા પાર્ટીએ લોકસભામાં સ્પષ્ટ બહુમતથી પાછળ રહેવાના કારણે આ વખતે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર કિંગમેકરની ભૂમિકા નિભાવી રહ્યા છે.જનતા દળ યૂનાઈટેડ જેડીયૂ પ્રમુખ નીતિશ કુમારે એનડીએમાં આવતા પહેલા વિપક્ષી ગઠબંધન ઈંડિયના ગઠનમાં પણ મહત્વની ભૂમિકા નિભાવી હતી. આપને જણાવી દઈએ કે, નીતિશ કુમારની પહેલ પર જ વિપક્ષી પાર્ટીઓ એકજૂટ થવા લાગી હતી. શરદ પવારથી લઈને ડાબેરીઓ, રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, તેજસ્વી યાદવ જેવી ક્ષેત્રિય પાર્ટીઓ પણ ઈંડિયા ગઠબંધનનો ભાગ બની હતી. જો કે, બાદમાં નીતિશ કુમારે બિહારમાં મહાગઠબંધનનો સાથ છોડીને એનડીએમાં સામેલ થઈ ગયા, સાથે જ તેઓ ઈંડિયા ગઠબંધનથી પણ અલગ થઈ ગયા હતા.

### ગુજરાત ભાજપના સાંસદોને હાઇકમાન્ડનું તેડું

# ૯ જૂન સુધી તમામ સાંસદોને દિલ્હીમાં રોકાવા આદેશ

## દિલ્હી ગયેલા ગુજરાત ભાજપના સાંસદો નરેન્દ્ર મોદી અને અમિત શાહ સાથે શુભેચ્છા મુલાકાત કરી શકે છે

નવી દિલ્હી, તા.૫

ગુજરાતમાં લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે. આ વખતે ભાજપને ક્લિન સ્વીપ કરવામાં તકલીફોનો સામનો કરવો પડ્યો છે. તે ઉપરાંત પાંચ લાખની લીડથી જીતવાનો ટાર્ગેટ પણ માત્ર ગણીગાંઠી સીટો પર પૂરો થયો છે. ત્યારે ગુજરાતમાં ૨૬માંથી ૨૫ સાંસદ ભાજપમાંથી અને એક સાંસદ કોંગ્રેસમાંથી ચૂંટાઈ આવ્યા છે. આજે દિલ્હીમાં સાંસદના રજિસ્ટ્રેશન માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ત્યારે ગુજરાતમાંથી ચૂંટાયેલા કેટલાક સાંસદ દિલ્હી પહોંચ્યા છે. આર.ઓ. તરફથી અપાયેલા સર્ટિફિકેટને આધારે સાંસદ તરીકે નોંધણી શરૂ થઈ ગઈ છે. દિલ્હી ગયેલા ગુજરાત ભાજપના સાંસદો નરેન્દ્ર મોદી અને અમિત શાહ સાથે શુભેચ્છા મુલાકાત કરી શકે તેવું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.બીજી તરફ ૯મી તારીખ સુધી તમામ સાંસદોને દિલ્હીમાં રોકાવા આદેશ કરવામાં આવ્યો છે. ચૂંટણીનું પરિણામ આવ્યા બાદ હવે સોશિયલ મીડિયામાં ચર્ચા જાગી છે કે, ગુજરાતમાં ચાર કેન્દ્રિય મંત્રીઓમાંથી કોનું મંત્રી પદ રહશે અને નવા સાંસદોમાંથી કયા સાંસદને મંત્રી પદ મળશે. પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિયોનો વિરોધ ગુજરાતમાં ઓછા મતદાન માટે જવાબદાર ગણવામાં આવ્યો છે. બીજી બાજુ બનાસકાંઠાની બેઠક ગુમાવી અને પાંચ લાખની લીડનો ટાર્ગેટ પણ માત્ર ચારેક સીટ પર પુરો થયો છે. આ મુદ્દે ભાજપ હાઈકમાન્ડ પ્રદેશ નેતૃત્વ સાથે ચર્ચાઓ કરી શકે છે. રાજયમાં વડોદરા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, પાટણ અને વલસાડમાં ભાજપને સીટો જવાનો ડર હતો પણ આ બેઠકો પરના સાંસદો જીતી જતાં થોડી રાહત રહી છે. જ્યારે બે ધારાસભ્યો એક લાખની લીડ સુધી પણ નહીં પહોંચી શકતાં તેમની સાથે પણ વાતચીત થાય તેવી ચર્ચાઓ રાજકીય સુત્રોમાં થઈ રહી છે.

### વિશ્વ પર્યાવરણ દિવસે મુલાકાત લીધી

# સીએમ ભુપેન્દ્ર પટેલે "નમો વડ વન" ની મુલાકાત લીધી

## ૩૩ જિલ્લાઓમાં ૮૨ 'નમો વડ વન'ની સ્થાપના થઈ છે

ગાંધીનગર, તા.૫

રાજય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસના ગાંધીનગર ખાતે આવેલા ''નમો વડ વન'' ની મુલાકાત માટે પહોંચ્યા હતા. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પ્રિય એવા વડના વૃક્ષોના 'નમો વડ વન'ની ૨૧ માર્ચે ૨૦૨૨માં ગાંધીનગરમાં વડ વૃક્ષ વાવીને શરૂઆત કરાવી હતી. અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં 'નમો વડ વન'ની મુલાકાત લઈને નિરીક્ષણ અને વૃક્ષારોપણ કર્યું હતું.

દેશની આઝાદીના ૭૫ વર્ષ પ્રસંગે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ૨૦૨૨ના આંતરરાષ્ટ્રીય વન દિવસ ૨૧ મી માર્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૩૩ જિલ્લાઓમાં ૭૫ સ્થળોએ 'નમો વડ વન' નિર્માણનો પ્રારંભ કરાવ્યો હતો. પર્યાવરણ સંરક્ષણની આ ગુજરાતની દિશા સૂચક પહેલ છે.

મુખ્યમંત્રીની આ મુલાકાત દરમિયાન વન-પર્યાવરણના અગ્ર સચિવ સંજીવકુમારે વધુ વિગતો આપતાં કહ્યું કે, રાજ્યમાં ૭૫ સ્થળોએ 'નમો વડ વન' ઊભા કરવાના નિર્ધાર સામે અત્યાર સુધીમાં ૮૨ 'નમો વડ વન' ઊભા થયા છે. એટલું જ નહીં, પ્રથમ વર્ષે દરેક 'નમો વડ વન'માં ૭૫ વડ રોપાઓનું વાવેતર કર્યા બાદ બીજા વર્ષે વધુ ૧૦૦ વડ રોપાના વાવેતરથી વનોના ઘનિષ્ઠિકરણની દિશા આપણે લીધી છે. અત્યારે પ્રત્યેક 'નમો વડ વન'માં કુલ ૧૭૫ વડના રોપાઓ વાવવામાં આવેલા છે. સાથે ગાંધીનગરમાં એક હેક્ટર વિસ્તારમાં નિર્માણ થયેલા 'નમો વડ વન'માં વિવિધ પ્રજાતિઓના નાના-મોટા રોપા અને ફૂલ-છોડ વગેરે મળી સાડા છ હજાર રોપાઓનો ઉછેર થઈ રહ્યો છે. આવા 'નમો વડ વન'માં ટપક સિંચાઈ પદ્ધતિ અને માટલા પદ્ધતિથી પાણીના મર્યાદિત ઉપયોગ સાથે છોડનો ઉછેર કરવામાં આવે છે. આ ઉપરાંત તેમણે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે 'નમો વડ વન' લોકો માટે પર્યાવરણ પ્રિય પિકનિક સ્પોટ, પ્રવાસન આકર્ષણ કેન્દ્ર બને તે માટે ચિલ્ડ્રન પ્લે એરિયા, યોગ પ્લેટફોર્મ, બેસવા માટે બેન્?ચિઝ સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવી છે.આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના 'નમો વડ વન'ના સમગ્ર પરિસરની મુલાકાત લીધી તે દરમિયાન સહકાર રાજયમંત્રી જગદીશ વિશ્વકર્મા, અગ્ર સચિવ સંજીવકુમાર, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ યુ. ડી. સિંઘ, સામાજિક વનીકરણના અગ્ર મુખ્ય વન સંરક્ષક એ.પી.સિંઘ, ધારાસભ્ય રીટાબેન, મેયર હિતેશભાઈ મકવાણા તથા પદાધિકારીઓ પણ સાથે જોડાયા હતા.

# રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે મોટો ખુલાસો સામે આવ્યો

## સરકારે હાઇકોર્ટમાં કરેલ સોગંદનામામાં કર્યો સ્વીકાર આપી નહોતી મંજૂરી

રાજકોટ,તા.૫

રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે મોટો ખુલાસો સામે આવ્યો છે. સરકારે અગ્નિકાંડને લઈને હાઈકોર્ટમાં સોગંદનામું કર્યું. આ સોગંદનામામાં સરકારે સ્વીકાર કર્યો છે કે ગેમઝોનની મંજૂરી નહોતી આપવામાં આવી. આ મામલાની આવતીકાલે વિગતવાર સુનાવણી હાથ ધરવામાં આવશે. સરકારે કહ્યું કે ગેમઝોનને કાયમી સ્ટ્રક્ચર ગણવામાં આવશે અને તે મુજબ કાર્યવાહી થશે. અગ્નિકાંડમાં ૨૭ જેટલા લોકોના મોત થતા રાજ્યભરમાં મોટો ઉહાપોહ મચ્યો હતો. આ મામલામાં જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરાયા અને બદલીઓ પણ કરાઈ હતી. અગ્નિકાંડ કિસ્સામાં સરકાર પોતે જ ફરિયાદી બનતા ઘટનાની તપાસ SITને સોંપવામાં આવી છે. SITને સોંપવામાં આવેલ રિપોર્ટમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. SITએ પોતાના રિપોર્ટમાં ૧૦ મહત્વના મુદ્દાને ધ્યાનમાં રાખ્યા છે. SIT સમગ્ર ઘટનામાં પોલીસ વિભાગ, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ માર્ગ અને મકાન વિભાગની ગંભીર બેદરકારીનો ઉલ્લેખ કર્યો. ગેમઝોનમાં કોઈપણ બાબતની તપાસ કર્યા વગર પરફોર્મન્સ લાયસન્સ આપવામાં આવ્યું હોવાનો રિપોર્ટમાં ઉલ્લેખ કર્યો છે. ગેમ ઝોનમાં એન્ટ્રી અને એક્ઝિટ માટે માત્ર એક જ રસ્તો હતો અને તે પણ શેડમાં બાંધેલો હતો. ઈમરજન્સી દરમિયાન જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી ન હતી.

રાજકોટ મ્યુનિસિપલ વિભાગ ગેમઝોનને લઈને તપાસ અને ચકાસણી કર્યા વગર ત્રણ વર્ષ સુધી આંખ આડા કાન કરતા આ દુર્ઘટના બનવા પામી. આ મામલે હવે હાઈકોર્ટમાં કરાયેલ સોગંધનામામાં પણ સરકારે બેદરકારી થઈ હોવાનો સ્વીકાર કર્યો છે. હાઈકોર્ટમાં રાજકોટ ટીઆરપી ઝોન અગ્નિકાંડ મામલાની કાલે સુનાવણી થશે.

### ટીડીપી, જેડીયુ, શિવસેનાએ એનડીએને સમર્થન પત્ર સોંપ્યા

# અબકી બાર મોદી "ચેક એન્ડ મેટ" સરકાર

## વડાપ્રધાનના નિવાસસ્થાને એનડીએની એક કલાક સુધી બેઠક ચાલી ૧૦થી વધુ પક્ષોના નેતાઓ હાજર : મોદીને એનડીએના નેતા તરીકે પસંદ કરાયા

નવી દિલ્હી, તા.૫

લોકસભા ચૂંટણી-૨૦૨૪ના પરિણામો બાદ હવે સરકાર રચવાની કવાયત શરૂ થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યાનુસાર, એનડીએ ગઠબંધનના નેતાઓ સાતમી જૂને રાષ્ટ્રપતિ ભવન પહોંચીને સરકાર બનાવવાનો દાવો કરી શકે છે. એક કલાક ચાલેલી આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુને રાજીનામું આપીને લોકસભા ભંગ કરવાનું સૂચન કર્યું હતું, જેનો રાષ્ટ્રપતિએ સ્વીકાર કર્યો હતો. આ પહેલા પરિણામો બાદ આજે એનડીએની પહેલી બેઠક યોજાઈ હતી, જેમાં ૧૦થી વધુ પાર્ટીઓના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નવી સરકાર બનાવવા માટે વડાપ્રધાન મોદીએ રાજીનામું આપ્યું હતું, જેને રાષ્ટ્રપતિએ સ્વીકારી લીધું છે અને આ સાથે લોકસભા ભંગ થઈ ગઈ છે.

દરમિયાન આજે વડાપ્રધાનના નિવાસસ્થાન પર એનડીએની એક કલાક સુધી બેઠક ચાલી હતી, જેમાં ૧૦થી વધુ પક્ષોના નેતાઓ હાજર હતા. આ બેઠકમાં JDUના નેતા અને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુ, ઑલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયનના વડા સુદેશ મહંતો, ઈન્ઢના જયંત ચૌધરી, જનસેના પાર્ટીના વડા પવન કલ્યાણ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે, LJP (રામ વિલાસ)ના નેતા ચિરાગ પાસવાન, અપના દળ (સોનેલાલ) નેતા અનુપ્રિયા પટેલ અને HAM નેતા જીતનરામ માંઝી ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં વડાપ્રધાન મોદીએ તમામ નેતાઓને કહ્યું, અભિનંદન... બધાએ સારો સંઘર્ષ કર્યો. એનડીએ હવે દેશના વિકાસ માટે કામ કરશે. અમે લોકો માટે અમારું કામ ચાલુ રાખીશું. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુ અને શિવસેના (શિંદે જૂથ)એ ભાજપને પોતાનો સમર્થન પત્ર સોપ્યો છે. એનડીએની બેઠકમાં પ્રસ્તાવ પસાર કરીને નરેન્દ્ર મોદીને એનડીએના નેતા તરીકે પસંદ કરાયા છે, જેના પર ગઠબંધનના ૨૧ નેતાએ હસ્તાક્ષર કર્યા છે. આ માટે એક પ્રસ્તાવ પણ પસાર કરાયો છે, જેમાં લખાયું છે કે, '૨૦૨૪ ભારતના ૧૪૦ કરોડ દેશવાસીઓએ આદરણીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારની લોક કલ્યાણકારી નીતિઓને કારણે છેલ્લા ૧૦ વર્ષમાં દેશને દરેક ક્ષેત્રમાં વિકાસ કરતો જોયો છે. ખૂબ લાંબા ગાળા બાદ લગભગ છ દાયકા પછી ભારતની પ્રજાએ સતત ત્રીજી વખત સંપૂર્ણ બહુમતી સાથે મજબૂત નેતૃત્વની પસંદગી કરી છે. આપણને બધાને ગર્વ છે કે એનડીએ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી એકજૂટ રીતે લડી અને જીતી. આપણે સર્વસંમતિથી દ્રહ્છ નેતા નરેન્દ્ર મોદીને અમારા નેતા તરીકે પસંદ કરીએ છીએ.'NDAના સાથી પક્ષના નેતા નરેન્દ્ર મોદી સાથે આજે સરકાર બનાવવાનો દાવો રજૂ કરવા માટે રાષ્ટ્રપતિને મળવા જઈ શકે છે. ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા, રાજનાથ સિંહ, ચંદ્રાબાબુ નાયડુ, નીતિશ કુમાર, એકનાથ શિંદે, ચિરાગ પાસવાન, જીતન રામ માંઝી અને પ્રફુલ્લ પટેલ રાષ્ટ્રપતિ ભવન જઈ શકે છે. તેમની સાથે જયંત ચૌધરી અને અનુપ્રિયા પટેલ પણ ઉપસ્થિત રહી શકે છે. NDA સંસદીય દળની બેઠક ૭ જૂને સવારે ૧૧ વાગ્યે યોજાશે. જેમાં નરેન્દ્ર મોદી ઔપચારિક રીતે નેતા તરીકે ચૂંટાશે. ત્યાર પછી ૮ જૂને મોદી ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેઈ શકે છે. એનડીએની બેઠક પૂર્ણ થયા બાદ નીતીશ કુમારે કહ્યું કે, 'સરકાર બનાવવામાં કોઈ વિલંબ ન થવો જોઈએ. આપણે જલદીથી સરકાર બનાવવી જોઈએ.' ઉલ્લેખનીય છે કે, ચંદ્રાબાબુની ટીડીપી ૧૬ બેઠકો સાથે એનડીએમાં બીજો સૌથી મોટો પક્ષ બની ગયો છે અને નીતિશની જેડીયુ ૧૨ બેઠકો સાથે એનડીએમાં ત્રીજી સૌથી મોટી પાર્ટી છે. આ સમયે ભાજપ માટે બંને પક્ષો જરૂરી છે. તેમના વિના ભાજપ માટે સરકાર બનાવવી મુશ્કેલ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ટીડીપીએ છ મંત્રાલયોની સાથે સ્પીકર પદની માંગ કરી છે, જ્યારે જેડીયુએ ત્રણ મંત્રાલયની માંગ કરી છે. આ ઉપરાંત ચિરાગે બે એક કેબિનેટ અને એક સ્વતંત્ર મંત્રાલયની માંગ કરી છે. તો માંઝીએ એક, શિંદેએ બે એક કેબિનેટ અને એક સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રાલયની માંગ કરી છે. જયંત ચૌધરીએ કહ્યું છે કે, 'ચૂંટણી પહેલા અમને મંત્રી પદ આપવાનું વચન આપવામાં આવ્યું હતું, તો અનુપ્રિયા પટેલ પણ મંત્રી પદની માંગ કરી રહ્યા છે.' લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ભાજપને સૌથી વધુ ૨૪૦ બેઠક મળી છે જ્યારે દ્રહ્છને ૨૯૨ બેઠક મળી છે. બીજી તરફ કોંગ્રેસને ૯૯ બેઠક અને INDIA ગઠબંધનને ૨૩૨ બેઠક મળી છે.


# ગુજરાતમાંથી આ વખતે ચાર મહિલા ઉમેદવારો વિજેતા બની

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાંથી આ વખતે ચાર મહિલા ઉમેદવારો વિજેતા બની છે. જેની સરખામણીએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૬ મહિલા સાંસદો હતી. આ પૈકી બનાસકાંઠા બેઠક પરથી મહિલા સાંસદ ચૂંટાયાં હોય તેવું ૬૨ વર્ષ બાદ પ્રથમવાર બન્યું છે. છેલ્લે ૧૯૬૨માં ઝોહરાબેન ચાવડા બનાસકાંઠા બેઠક પરથી ચૂંટાયા હતાં. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર આ વખતે જે મહિલા સાંસદો ચૂંટાયાં છે તેમાં જામનગરથી પૂનમ માડમ, બનાસકાંઠા બેઠકથી ગેનીબેન ઠાકોર, ભાવનગરથી નીમુબેન બાંભણિયા, સાબરકાંઠાથી શોભનાબેન બારૈયાનો સમાવેશ થાય છે. જેમાંથી પૂનમ માડમ ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪ એમ સતત ત્રીજી વાર સાંસદ તરીકે ચૂંટાયાં છે. ગુજરાતમાંથી આ વખતે કુલ ૨૬૬ ઉમેદવારોમાંથી માત્ર ૧૯ મહિલાઓને જતક આપવામાં આવી હતી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે ગુજરાતમાંથી અત્યાર સુધીનાં સૌથી વધુ ૬ મહિલા સાંસદો ચૂંટાયાં હતાં. ગુજરાત રાજયની સ્થાપના પહેલા સરદાર તથા વલ્લભભાઈ પટેલના પુત્રી મણીબેન તથા સાબરકાંઠા બેઠક પરથી જોહરાબેન ચાવડા સાંસદપદ શોભાવ્યું હતું. ૧૯૬૨ માં અમરેલી બેઠક પરથી જયાબેન શાહ, બનાસકાંઠા બેઠક પરથી જોહરાબેન ચાવડા વિજેતા બન્યા હતા. ગુજરાતમાંથી અમદાવાદ પશ્ચિમ, ગાંધીનગર, પોરબંદર, પાટણ, પંચમહાલ, ખેડા, ભરૂચ, વલસાડ, નવસારી બેઠક એવી છે જ્યાંથી ક્યારેય મહિલા ઉમેદવારને ચૂંટીને સંસદમાં મોકલવામાં આવ્યા નથી.

# સાવરકુંડલા : પીર સૈયદ દાદાબાપુ કાદરીની શુભેચ્છા મુલાકાતે અકિલાનાં મોભી કિરીટભાઈ ગણાત્રા






સાવરકુંડલાના પીર સૈયદ દાદાબાપુ કાદરીની શુભેચ્છા મુલાકાતે અકિલા ન્યુઝ પેપરના મોભી કિરીટભાઈ ગણાત્રા લીધી હતી અને પ્રભાવિત થયા હતા. અકિલા ન્યુઝના મોભી કિરીટભાઈ ગણાત્રા અને દાદાબાપુ વચ્ચે થયેલ મુલાકાતમાં દાદાબાપુએ લોકો ઉપયોગી લોકો કા હિતાર્થે તેમજ ગરીબ અમીર કે મધ્યમ વર્ગ ના લોકો ના હિતમાં થતી પ્રવૃત્તિ બાબતે દાદાબાપુએ કહેલ કે હિન્દુ–મુસ્લિમ કોઈ પણ જ્ઞાતિ ના સમાધાન, વ્યસન મુકિત અભિયાન તેમજ પયગમ્બર સાહેબના જન્મદિવસ એટલે કે જશને ઈદે મિલાદુના દિવસે શહેરના તમામ દવાખાનામાં તમામ દર્દીઓને ફ્રૂટ વિતરણ, અન ક્ષેત્રમાં ભોજન, ાન તેમજ પક્ષીને ચણ, ગૌશાળ ામાં માલઢોરને ઘાસચારો વિગેરે માનવજાત પશુ–પક્ષી વિગેરેને ભોજન વિગેરે માનવતાવાદી વાળી સેવાકીય પ્રવૃત્તિ કોઈપણ જાતના સ્વાર્થ અને નાત, જાત વગર સેવાઓ કરવામાં આવે છે. જે દાદાબાપુની સેવાઓથી અકિલાનાં મોભી ખુબ જ પ્રભાવિત થયા હતા. દાદાબાપુ અને કિરીટભાઈ ગણાત્રા વચ્ચે ૨૫ મિનિટની મુલાકાતમાં ઘણી જ લોક ઉપયોગી અને લોકહિતાર્થે કામગીરીનો ચિતાર આપવામાં આવેલ હતો તેમજ એક મહા સંત દાદાબાપુની સેવા પ્રવૃત્તિથી કિરીટભાઈ ગણાત્રા ખુબ જ રાજી થયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં આરોગ્ય માટે**

તેમાં ઉત્પાદકનું નામ કેસર નામું નથી અને તેમાં ગંદકી ધરાવતાં પાણીનું મિશ્રણ થતું હોય આ પ્રકારની પેપ્સી નિર્દોષ બાળકો ખાસ કરીને ગરીબ, શ્રમિક અને ગ્રામ્ય વિસ્તારનાં બાળકો પીતા હોય તેમનાં આરોગ્ય પર ગંભીર ખતરો ઉભો થયો હોય વાલીઓએ આ પ્રકારનાં પીણાથી તેમના બાળકોને દૂર રાખવા જોઈએ અને ફૂડ અને આરોગ્ય વિભાગે એક રૂપિયામાં પ્લાસ્ટીક બેગમાં મળતા પીણાની લેબોરેટરી કરાવવી જોઈએ તેવી માંગ ઉભી થઈ રહી છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** આરીફભાઈ હાજી મહંમદભાઈ જાદવ (ઉ.વ. ૪૮) જે હાજી દોલુભાઈ રહેમાનભાઈ જાદવ, મુસ્તાકભાઈ રહેમાનભાઈ જાદવના ભત્રીજા, હાજી જાહિદભાઈ જાદવ (હિમ્મત ટ્રાવેલ્સ વાળા), સલીમભાઈ જાદવ, મુસ્તુફા ગફારભાઈ જાદવ, યુનુસ જાદવ (પૂર્વ ઉપપ્રમુખ નગરપાલિકા સાવરકુંડલા), સફી મુસ્તાકભાઈ જાદવ ના ભાઈ અને આરીફભાઈ જાદવના પપ્પા તા. ૪/૪/૨૦૨૪ ને મંગળવારના રોજ અલ્લાહ પાકની રહેમતમાં પહોંચી ગયેલ છે. મર્હુમની જીયારત તા. ૬/૪/૨૦૨૪ ને ગુરૂવારે સવારે ૧૦ કલાકે જુમ્મા મસ્જીદ ખાતે અને ઔરતોની જીયારત મર્હુમના નિવાસસ્થાન જાદવ મંજીલ, કાઝીવાડ, સાવરકુંડલા ખાતે રાખવામાં આવેલ છે. હિન્દુ ભાઈઓનું બેસણું તા. ૬/૪/૨૦૨૪ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ જાદવ મંઝીલ, કાઝીવાડ, સાવરકુંડલા ખાતે રાખવામાં આવેલ છે.

**અમરેલી :** દિનેશભાઈ ધનજીભાઈ વંડરા તે પ્રેમજીભાઈ, જીવરાજભાઈ, સ્વ. દુર્લભજીભાઈના ભાઈ તેમજ દર્શિત, વ્રજેશ, દર્શિતાના પિતાશ્રી અને ભાવેશ, દિપકના કાકાનું તા. ૨ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૬ ને ગુરૂવારના રોજ સાંજના ૪ થી ૬ રામેર મંદિર સરદાર ચોક અમરેલી ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૧૭૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૨૦૧ |
| ૩ | શિંગદાણા | ૧૫૦૦ | ૧૫૭૧ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૧૦૦ | ૧૬૫૨ |
| ૫ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૯૫ |
| ૬ | તલ કાળા | ૨૪૦૦ | ૩૨૪૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૧૦૦ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૪૭૭ |
| ૯ | જુવાર | ૪૨૪ | ૮૨૬ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૦ | ૫૯૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૮ | ૫૮૦ |
| ૧૨ | મકાઈ | ૫૦૨ | ૫૦૨ |
| ૧૩ | મગ | ૧૩૬૧ | ૧૬૬૦ |
| ૧૪ | ચણા | ૧૨૧૨ | ૧૩૧૨ |
| ૧૫ | તુવેર | ૧૪૨૦ | ૧૯૫૫ |
| ૧૬ | કપાસ | ૯૫૦ | ૧૪૭૦ |
| ૧૭ | એરંડા | ૮૦૦ | ૧૦૭૨ |
| ૧૮ | જીરૂ | ૨૦૨૫ | ૫૫૦૦ |
| ૧૯ | રાય | ૧૦૯૦ | ૧૧૯૨ |
| ૨૦ | ધાણા | ૮૫૦ | ૧૩૨૫ |
| ૨૧ | મેથી | ૯૭૦ | ૧૧૫૭ |
| ૨૨ | સોયાબીન | ૮૨૫ | ૮૭૫ |
| ૨૩ | રજકાનુ બી | ૪૬૦૦ | ૪૭૦૦ |
| ૨૪ | મરચા લાંબા | ૬૦૦ | ૧૨૬૦ |

# દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલટો, મેઘરાજાની પધરામણી

સુરત,તા.૫

રાજ્યમાં અસહ્ય ગરમી બાદ વાતાવરણમાં પલટો આવ્યો છે. દેશમાં કેરળમાં ચોમાસું બેસી ગયું છે. આગામી દિવસોમાં ગુજરાતમાં ચોમાસાની એન્ટ્રી થઈ જશે. તે પહેલા જ એન્ટી સર્ક્યુલેશન એક્ટિવિટીના કારણે દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં ભારે પલટો આવ્યો છે.

સુરતના બારડોલી વિસ્તારમાં બાબેન ગામમાં ઝરમર ઝરમર વરસાદ વરસ્યો છે. વાતાવરણાં ઠંડક પ્રસરાઈ છે. છેલ્લા કેટલાય દિવસોથી લોકો ગરમીથી શેકાઈ રહ્યાં હતા ત્યારે વરસાદથી લોકોને રાહત મળી છે. વલસાડમાં પણ વહેલી સવારથી આસપાસના ગામોમાં મેઘરાજા વરસ્યા હતા. અસહ્ય ગરમીથી રાહત મળતાં લોકો ખુશખુશાલ થયા છે. જગતના તાત માટે મેઘરાજાની એન્ટ્રી શુભ સમાચાર લઈને આવી હોય તેવું દેખાઈ રહ્યું છે. ગુજરાતમાં ૭ થી ૧૨ જૂન સુધી વરસાદની આગાહી કરાઈ છે. ઉકળાટ બાદ વરસાદ પડતાં વાતવરણમાં ઠંડકનો આલ્હદક અનુભવ થયો છે.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરામાં જુના વાઘણીયા ગામે**

કરી છે.

વિગત એવા પ્રકારની છે કે જુના વાઘણીયા ગામે રહેતી કુંવરબેન પાલાભાઈ સોંદરવા નામની મહિલાએ તેમની દિકરી જયોત્સનાબેન ઉ.વ. ૪૨ ની હત્યા થઈ હોવાનો આક્ષેપ કરીને આ ઘટનામાં ૩ વ્યકિતઓ મુળજીભાઈ પરમાર, પિયુષભાઈ પરમાર, અને ભાનુબેન પરમારની શંકાસ્પદ ભુમીકા હોવાનુ જણાવતા પોલીસ વિભાગે મૃતદેહને બહાર લાવીને પીએ સહિતની તપાસની કામગીરી શરૂ કરી છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં ઈસમે કોર્ટમાં**

પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમ–૧૧ (૧)(ઈ), ૧૧(૧)(એચ), ૧૧(૩), જી.પી.એકટ કલમ–૧૧૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય અને ગુન્હાનાં કામે મુદ્દામાલ બોલેરો પીકઅપ વાહન નં. જી.જે.–૧૪ યુ–૬૬૧૪ કબ્જે કરવામાં આવેલ હોય અને આરોપીએ પોતાનું વાહન પરત મળવા માટે તા. ૬/૯/૨૨ નાં ૧૧ વાગ્યે બાબરા કોર્ટમાં મુદ્દામાલ અરજી નં. ૬૬/૨૦૨૨ થી અરજ કરેલ હતી. અને ન્યાયિક કાર્યવાહીમાં ખોટા દસ્તાવેજ/ આર.ટી.ઓ. પરમીટ બનાવી તેમના ખરા તરીકે ઉપયોગ કરી બાબરા કોર્ટમાં રજુ કરી ગુન્હો કરતા આરોપી સામે પ્રિન્સિપાલ સિવિલ જજ અને જયુડી. મેજી. ફ.ક. કોર્ટના રજીસ્ટ્રાર કમ નાઝીર રૂપેશભાઈ જયસુખભાઈ જોષીએ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સાજીદભાઈ અલીભાઈ તરકવાડીયા સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૧૨૦૦ | ૧૩૧૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૦૧ |
| ૩ | શીંગ નવી | ૧૦૫૧ | ૧૨૫૧ |
| ૪ | શીંગ દાણા | ૧૫૦૦ | ૧૭૦૧ |
| ૫ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૬૦ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૩૨૧૦ |
| ૭ | જીરૂ | ૪૬૦૦ | ૫૪૨૦ |
| ૮ | કપાસ | ૧૨૫૦ | ૧૪૬૪ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૬૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૦ |
| ૧૧ | બાજરો | ૩૬૦ | ૪૭૧ |
| ૧૨ | જુવાર | ૪૨૫ | ૮૮૯ |
| ૧૩ | મગ | ૧૫૧૧ | ૧૬૧૨ |
| ૧૪ | મેથી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ૧૫ | ચણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૧૬ | દેશી ચણા | ૧૨૫૧ | ૧૩૦૦ |
| ૧૭ | તુવેર | ૧૭૧૦ | ૨૧૧૦ |
| ૧૮ | એરંડી | ૧૦૧૧ | ૧૦૬૮ |
| ૧૯ | અડદ | ૧૮૦૦ | ૧૯૭૧ |
| ૨૦ | સોયાબીન | ૮૭૦ | ૮૫૬ |

# અમરેલી : શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે નર્સીંગ સ્ટાફ દ્વારા રકતદાન



અમરેલી તા. ૫

શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલીના નર્સિંગ સ્ટાફ દ્વારા હોસ્પિટલની બ્લેડબેંકમાં સ્વેચ્છીક રકતદાન કરવામાં આવેલું હતું. સાથે સાથે હોસ્પિટલના તમામ નર્સિંગ સ્ટાફ વતી મિલાપભાઈ મહેતા દ્વારા દર્દીને પડયે સ્ટાફ રકતદાન કરવા તત્પર રહેશે તેવી ખાતરી પણ આપવામાં આવેલી હતી. નર્સીંગ સ્ટાફ દ્વારા દર ત્રણ મહિને રકતદાન કરવાના નિર્ણય બદલ ટ્રસ્ટ વતી ભરતભાઈ ધડુક અને દિનેશભાઈ કાપડિયા એ નર્સીંગ સ્ટાફનો આભાર વ્યકત કરી તેમના આ નિર્ણયને આવકાર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં વિકાસની હારમાળા**

મળી રહે તે માટે સરકારી શાળા–કોલેજો તેમજ દરેક તાલુકા કક્ષાએ સુપર સ્પેશયાલીસ્ટ અને આધુનિક સાધન સંપન્ન હોસ્પિટલ પણ બનાવવી પડશે.

તદુઉપરાં નાગેશ્રી–અમરેલી–ચોટિલા અને ઉના–ખાંભા–ધારી–બગસરા, મહુવા–સાવરકુંડલા–જેતપુર સહિતનાં માર્ગોને ચાર માર્ગિય બનાવવાની કામગીરી કરાવવી પડશે. ગ્રામ પંચાયતથી લઈને લોકસભા સુધી ભાજપનું જ શાસન હોવાથી જિલ્લાનાં સર્વાંગી વિકાસ માટે ૫ હજાર કરોડનું ખાસ પેકેજ મંજૂર કરાવવું પડશે. છેલ્લા ૭૭ વર્ષમાં અધુરા રહેલ વિકાસનાં કાર્યોને આગળ વધારીને આર્થિક પછાત ગણાતા અમરેલી જિલ્લાને વિકસિત જિલ્લાનું બિરૂદ અપાવવા માટે દિવસ–રાત જહેમત ઉઠાવવી પડશે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૦ | ૧૨૯૩ |
| ૨ | મગ | ૧૫૪૦ | ૧૫૪૦ |
| ૩ | ચણા | ૧૧૧૫ | ૧૨૮૧ |
| ૪ | જુવાર સફેદ | ૬૯૯ | ૬૯૯ |
| ૫ | મગફળી | ૧૧૪૮ | ૧૧૪૮ |
| ૬ | એરંડા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૭ | તલ સફેદ | ૨૩૭૫ | ૨૪૬૧ |
| ૮ | ધાણા | ૧૦૫૧ | ૧૦૫૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૯૦ | ૧૦૭૯ |
| ૨ | ઘઉં | ૪૮૭ | ૫૧૧ |
| ૩ | ચણા | ૧૧૪૫ | ૧૨૫૧ |
| ૪ | છોલે ચણા | ૧૬૨૧ | ૧૬૨૧ |
| ૫ | મગ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ૬ | તલ | ૨૦૨૫ | ૨૫૪૧ |
| ૭ | અડદ | ૧૮૧૪ | ૧૮૧૪ |
| ૮ | શીંગ ફાડા | ૧૨૦૫ | ૧૬૩૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૪૯૦ |
| ૨ | મગફળી | ૧૦૮૦ | ૧૧૧૦ |
| ૩ | ચણા | ૧૧૮૦ | ૧૩૧૦ |
| ૪ | જીરૂ | ૪૫૩૦ | ૫૪૪૦ |
| ૫ | ઘઉં | ૪૭૪ | ૫૨૬ |
| ૬ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૬૯૦ |
| ૭ | તલકાળા | ૨૮૭૦ | ૩૦૦૦ |
| ૮ | એરંડા | ૯૬૪ | ૧૦૪૬ |
| ૯ | મગ | ૧૪૭૦ | ૧૬૦૦ |
| ૧૦ | બાજરો | ૪૧૦ | ૪૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૨૬૦ |
| ૨ | ચણા | ૧૨૦૦ | ૧૨૮૦ |
| ૩ | ધાણા | ૧૧૦૦ | ૧૨૦૩ |
| ૪ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૯૮ |
| ૬ | લસણ | ૨૭૯૦ | ૨૭૯૦ |
| ૭ | અડદ | ૧૭૩૦ | ૧૮૨૦ |
| ૮ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૯૦ |
| ૯ | શીંગફાડા | ૧૨૦૪ | ૧૩૭૦ |
| ૧૦ | સોયાબીન | ૭૦૦ | ૮૬૧ |
| ૧૧ | મગ | ૧૪૪૦ | ૧૬૦૦ |
| ૧૨ | જુવાર | ૫૦૦ | ૭૯૫ |
| ૧૩ | મગફળી | ૯૦૦ | ૧૦૫૩ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૧૬૬ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૧ | ૨૭૦૧ |
| ૩ | તલકાળા | ૨૯૦૧ | ૨૯૨૧ |
| ૪ | કપાસ | ૯૦૧ | ૧૪૪૧ |
| ૫ | બાજરો | ૪૨૧ | ૫૦૦ |
| ૬ | ઘઉ ટુકડો | ૪૮૧ | ૫૫૨ |
| ૭ | જુવાર | ૪૩૦ | ૮૯૦ |
| ૮ | મકાઈ | ૪૭૫ | ૪૭૫ |
| ૯ | મગ | ૧૫૦૦ | ૧૬૩૧ |
| ૧૦ | મેથી | ૬૦૦ | ૮૮૦ |
| ૧૧ | ચણા | ૭૦૦ | ૧૩૦૩ |
| ૧૨ | જીરૂ | ૫૩૨૫ | ૫૪૦૦ |
| ૧૩ | ધાણા | ૧૨૭૬ | ૧૨૭૬ |
| ૧૪ | વરીયાળી | ૧૦૦૦ | ૧૦૦૦ |

# અમરેલી જિલ્લા ૧૦૮ ઇમરજન્સી ટીમ તથા ખિલખિલાટ ટીમ દ્વારા વિ પર્યાવરણ દિવસની ઉજવણી



૫ જૂન એટલે કે વિભર માં વિ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે વર્તમાન સમયમાં વધતી જતી ગરમી તથા ગ્લોબલ વોર્મિંગ ના કારણે વૃક્ષોનું મહત્વ ખૂબ જ વધી રહ્યું છે અને પર્યાવરણની જાળવણી રાખવી આપણા બધાની નૈતિક ફરજ છે તેના ભાગરૂપે અમરેલી ૧૦૮ ઈમરજન્સી ટીમ તથા ખિલખિલાટ ટીમ દ્વારા અમરેલી જિલ્લા ભર માં ૧૦૮ ના તમામ લોકેશન ઉપર વૃક્ષારોપણ કરી અને આજના વિ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.

# અમરેલીની ગજેરા સ્કુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કુલ વિદ્યાસભા કેમ્પસ – અમરેલીનાં વિશાળ પ્રાંગણમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વૃક્ષારોપણ દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિન'ની ખુબ જ ઉમંગ અને ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી હતી. પર્યાવરણની સુરક્ષા, પૃથ્વી પરના વૃક્ષો, પશુ, પંખી, માનવ વગેરેના રક્ષણ માટે તેમજ ગ્લોબલ વોર્મિંગથી વિશ્વને બચાવવા માટે આ પર્યાવરણ દિન વર્ષ – ૧૯૭૩ થી ઉજવાય રહયો છે. વિશ્વના ૧૪૩ દેશોથી શરૂ કરેલ આ પર્યાવરણ દિન આજે વિશ્વનાં ૧૯૫ દેશોમાં ઉજવાય રહયો છે. જે આ દિવસનું વિશ્વ માટેનું મહત્વ બતાવે છે. આ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીનો હેતુ, દરિયાઈ પ્રદુષણ, વસ્તી વધારો, વન્ય જીવન સુરક્ષા, શુધ્ધ, હવા, ભરપુર વરસાદ, ભૂગર્ભ જળ સુરક્ષા, પુર નિયંત્રણ વગેરે પ્રાકૃતિક તત્વોની જાળ વણી કરી વિશ્વના માનવ માટે સુરક્ષિત ધરતીનું નિર્માણ કરવાનો છે. વનરાઈની લીલીછમ ચાદર સર્જીને હવા, જળ, જમીન અને દરિયાનું પ્રદુષણ અટકાવી ધરતીને ભાવિ પેઢી માટે સુરક્ષિત રાખવાના ઉમદા વિચારથી આ દિવસ વિશ્વમાં ઉજવાય છે.વિશ્વ પર્યાવરણ દિનના પવિત્ર દિવસે સંસ્થાનાં પ્રમુખના વરદ હસ્તે વૃક્ષારોપણ કરી વિદ્યાસભા કેમ્પસની હરિયાળી ભૂમિને વધારે લીલીછમ બનાવવા માટે અને કુદરતી વાતાવરણમાં વિદ્યાર્થીઓમાં સંસ્કાર અને શિક્ષણ વધે, જીવનમાં ઉત્તમ કારકિર્દી બનાવી કુંટુંબ, શાળા અને રાષ્ટ્ર માટે યોગદાન આપે તેવા જાગૃત નાગરિકો નિર્માણ થાય તેવા શુભ આશયથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચુતરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ સંસ્થાનાં તમામ સ્ટાફગણ જોડાયા હતા. શાળામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દિનની ઉજવણી કરી નાગરિકોની જાગૃતિ માટે સતત પ્રયત્ન કરવામાં આવે છે.

### ૪ વિદ્યાર્થીઓએ ૬૦૦ થી વધુ માર્કસ મેળવ્યા

## અમરેલીની વિદ્યાગુરૂ સાયન્સ સ્કુલનો NEET–૨૦૨૪નાં પરિણામમાં દબદબો

### નાયબ દંડક વેકરિયા અને એસપી હિમકરસિંહે કર્યુ સન્માન





અમરેલી, તા.૫

નીટ ૨૦૨૪ના પરીણામાં ૬૦૦ પ્લસ માર્ક પ્રાપ્ત કરી અમરેલીના ભૂતકાળના બધા જ રેકોર્ડ બ્રેક કરતા વિદ્યાગુરુ સ્કુલના ૪ વિદ્યાર્થીઓમાં ઓદસરા ઋત્વીક ૬૪૫ માર્ક–જિલ્લા પ્રથમ, સોળિયામિત–૬૪૩માર્કજિલ્લા દ્વિતીય, બુટાણી વેદ–૬૧૪ માર્ક, બાબરીયા પ્રાર્થના–૬૦૦ માર્ક મેળવીને શાળાનુ નામ રોશન કર્યુ છે. તેમજ આ વિદ્યાર્થીઓનુ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા તથા અમરેલીના એસપી હિમકર સિંહએ સન્માનિત કરી ડોકટર બનવાની શુભકામનાઓ પાઠવી હતી. ઉપરાંત સાયન્સ સ્કૂલના સંચાલકો જતીનભાઈ મહેતા, મેહુલભાઈ ધોળકિયા, અંકુરભાઈ ઠુંમરએજણાવ્યુહતુકે, અમરેલીજિલ્લાના વિદ્યાર્થીઓએ નીટની તૈયારીઓ માટે તોતીંગફી ખર્ચીબહારગામજવાનીજરૂર નથી. વિદ્યાગુરૂ ખુબ જ ઓછો ફી મેગાસીટી જેવુ ફાઈ એજયુકેશન અમરેલીનાબાળકોનેઆપીરહ્યુછે. જેનો પુરાવો નીટ૨૦૨૪નુ આ પરિણામ છે.

## ભૈ વાહ : સુપ્રસિધ્ધ તીર્થધામ ખોડલધામ મંદિરનાં પરિસરમાં પક્ષીઓનું ઘર બનશે

રાજકોટ તા. ૫

કાગવડ રાજકોટ ખોડલધામ મંદિરમાં ખોડલની ભકિતની સાથે સાથે વિવિધ સેવાકીય કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ખોડલધામ મંદિર પરિસરમાં પક્ષીઓ માટે ચબૂતરાનું નિર્માણ કાર્ય કરવામાં આવી રહ્યું છે. ગત દિવસોમાં આ ચબૂતરાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું. ખોડલધામ મંદિર પરિસરના પાર્કિમાં મનોરમ્ય કલર ધરાવતા ૫૫ ફૂટ ઉંચા કબૂતર ઘર એટલે ચબૂતરાનું નિર્માણ થશે. આ



ચબૂતરામાં આશરે ૧ હજાર જેટલા પક્ષીઓ રહી શકશે. ચબૂતરામાં પક્ષીઓ માટે ચણ અને પાણી સહિતની વ્યવસ્થા કરવામાં આવશે. ચબૂતરાના નિર્માણ પાછળ અંદાજે ૬ લાખ રૂપિયા જેટલો ખર્ચ થશે. ચબૂતરાના નિર્માણનો તમામ ખર્ચ રામ કબૂતર ઘર ટ્રસ્ટના પ્રમુખ મોરબીના રહેવાસી વાઘજીભાઈ ફુલતરીયા તરફથી ઉઠાવવામાં આવી રહ્યો છે. કબૂતર ઘર (ચબૂતરા)ના ખાતમુહૂર્ત પ્રસંગે રામ કબૂતર ઘર ટ્રસ્ટના વાઘજીભાઈ ફુલતરીયા, લાલજીભાઈ ગઢીયા, મીતભાઈ ફુલતરીયા, સાવનભાઈ ફુલતરીયા હાસ્યકલાકાર મનસુખભાઈ વસોયા (ખિલોરીવાળા), ખોડલધામ ટ્રસ્ટ– કાગવડના ટ્રસ્ટી ગોપાલભાઈ રૂપાપરા ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા : ૧૦૮ ના કર્મચારીઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લાના સાવરકુંડલા ખાતે આવેલ કે.કે.મહેતા સરકારી હોસ્પિટલ ખાતે ૧૦૮ તેમજ વન વિભાગના અધિકારીઓ અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા સાથે મળીને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. વિશ્વ પર્યાવરણ દિવસ ની ઉજવણીના ભાગરૂપે જૂના એટલે કે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસિસ દ્વારા સંચાલીત ૧૦૮ ઈમરજન્સી સેવાના અને ખીલખીલાટ ના કર્મચારીઓ દ્વારા તેમજ વન વિભાગ અને આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સાવરકુંડલા ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં આર.એફ.ઓ. પ્રતાપ ચાંદુ તથા ફોરેસ્ટ ઓફિસર લાધવા મેડમ, મકવાણા તથા અમરેલી ૧૦૮ ના જિલ્લા અધિકારી અમાનતઅલી નકવી તેમજ અન્ય ફોરેસ્ટ કર્મચારીઓ અને કે કે મહેતા સરકારી હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા સાવરકુંડલા કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ ખાતે વૃક્ષારોપણ કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ સમગ્ર અમરેલી જિલ્લામાં અલગ અલગ આવેલ ૧૦૮ તેમજ ખીલખીલાટના લોકેશન પરના કર્મચારીઓ દ્વારા પણ વૃક્ષારોપણ કરી અને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## દામનગરનાં પર્યાવરણ પ્રેમીએ ખિસકોલીનાં બચ્ચાનો જીવ બચાવ્યો



દામનગર, તા. ૫

દરેકમનુષ્યમાંસત્યપ્રેમ કઢણા તો હોય જ છે, જો તેનો હર પળે સદુપયોગ થાય તો જીવન ધન્ય બની જાય. જીવદયા પ્રેમીઓ પોતાનાં જીવનનો મહત્તમ સમય અબોલ પશુ – પક્ષીઓ માટે સમર્પિત કરતા હોય છે. દામનગર શહેરમાં બનેલ એક સુખદ અને રોમાંચિત કરે એવી ઘટના એવી છે કે, જૂના પોલીસ સ્ટેશન નજીક મુખ્ય બજાર વિસ્તારમાં એક દુકાનની દીવાલમાં ખિસકોલીનું તાજુ જ બચ્ચું દોરાના ગુચળામાં ફસાઈ ગયાની ખિસકોલીનાં અવાજ ઉપરથી જણાઈ આવતા આજુબાજુના વેપારીઓએ જીવદયા પ્રેમી ચંદુભાઈને બોલાવી, ગણત્રીની સેકંડોમાં આખા શરીરથી ઢંકાઈ ગયેલ દોરાના ગુછળામાથી નાજુક બ્લેડથી દોરાઓને કાપી – બચ્ચાનાંગળામાં પણ દોરો ફીટ થયો હતો તેને કાઢી, પરત પોતાના બચ્ચાને ગોતતી ખિસકોલીને સોંપતા લઈ ગઈ હતી તેનો હાશકારો સાથે આનંદ અને ખુશી વેપારી મિત્રોમાં જોવા મળી હતી.

### પાલિકા પ્રમુખ કરકર, ઉપમુખ જસાણી અને કારોબારી ચેરમેન મકવાણાની જહેમતથી

## બાબરા શહેર માંથી ભાજપનાં ઉમેદવારને ૩૩૭૮ વધારે મત પ્રાપ્ત થયા

### સ્થાનિક આગેવાનોએ મતદારોનો આભાર માન્યો







બાબરા, તા.૫

લોકસભાની અમરેલી સામાન્ય ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરિયાનો પ્રચંડ વિજય થયો હતો. ૩ લાખથી વધુ લીડથી વિજેતા બનતા ભાજપના કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. નગરપાલિકા પ્રમુખ પ્રવિણ ભાઈ કરકર ઉપ પ્રમુખ અંકુર જસાણી અને કારોબારી સમિતિના ચેરમેન અશ્વિન મકવાણા દ્વારા સયુંકત નિવેદનમાં જણાવ્યું હતું કે લોકસભાના ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરિયાના સમર્થનમાં બાબરા શહેરના મતદારો દ્વારા મતદાન કરી જંગી લીડ આપવા બદલ શહેરના લોકો અગ્રણી વેપારીઓ મિત્રો તેમજ વડીલોનો આભાર વ્યકત કરીએ છીએ.




## દુ:ખદ અવસાન /બેસણું

અમારા વંડરા પરિવારનાં મોભી શ્રી દિનેશભાઈ ધનજીભા વંડરા (ઉ.વ.૬૪), મું.તા.૨/૬/૨૪, રવિવારના રોજ, દુ:ખદ અવાસન થયેલ છે. ઈશ્વર સદગત આત્માને શાશ્વતશાંતિ અર્પે એજ પ્રાર્થના....

સ્વ.દિનેશભાઈ ધનજીભાઈ વંડરા
(ઉ.વ.૬૪), મુ.અમરેલી
સ્વ.તા.૨૦/૬/૨૦૨૪, રવિવાર

સદગતનું બેસણુ : તા.૦૬/૦૬/૨૪,
ગુરુવારના રોજ
સાંજના ૪:૦૦ થી ૬:૦૦ કલાકે, રામેશ્વર
મંદિર, સરદાર ચોક,

લી.

ગં.સ્વ.નિર્મળાબેન દિનેશભાઈ વંડરા
દર્શિત દિનેશભાઈ વંડરા(પુત્ર)
મો.૭૮૭૪૪૬૨૩૧૮
પ્રેમજીભાઈ ધનજીભાઈ વંડરા(ભાઈ)
સ્વ.દુર્લભજીભાઈ વંડરા(ભાઈ)

દર્શિતા દિનેશભાઈ વંડરા(પુત્રી)
વૃજેશ દિનેશભાઈ વંડરા(પુત્ર)–મો.૮૧૪૧૦૬૪૮૮૯
જીવરાજભાઈ ધનજીભાઈ વંડરા(ભાઈ)
ભાવેશ દુર્લભજીભાઈ વંડરા(ભત્રીજા)
દિપક દુર્લભભાઈ વંડરા(ભત્રીજા)
આર્યન, ઉર્વ, ઉત્સવી–અમરેલીસ


# વૈશાખ માસની માસિક શિવરાત્રીની શ્રી સોમનાથ મંદિર ખાતે ભક્તિમય ઉજવણી



પ્રથમ જયોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર પ્રતિ માસની કૃષ્ણ ત્રયોદશી પર ઉજવાતી માસિક શિવરાત્રી એક અનેરૂ આકર્ષણ છે. દરેક માસની માસિક શિવરાત્રી પર મહાદેવના દર્શન કરવા માટે દૂર દૂરથી શ્રદ્ધાળુ સોમનાથ પહોંચે છે.

ત્યારે આજરોજ પ્રણાલિકા અનુસાર વૈશાખ માસની માસિક શિવરાત્રિ પર શ્રી સોમનાથ મંદિર સમીપન યજ્ઞ શાળામાં ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર ભાઈ દેસાઈ સહિત ટ્રસ્ટ પરિવાર દ્વારા શાસ્ત્રોકત પ્રણાલિકા અનુસાર લઘુઢદ્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ સાથે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સ્થાનિક તીર્થ પુરોહિતો પાસે શ્રી સોમનાથ મંદિરમાં દૈનિક ૧૨૧ ઢદ્રી પાઠ કરાવીને પાઠાત્મક લઘુઢદ્ર કરાવવામાં આવે છે. ત્યારે આજે વૈશાખ માસની માસિક શિવરાત્રી પર સોમનાથ મહાદેવના સાનિપ્રયમાં પાઠાત્મક લઘુઢદ્ર, હોમાત્મક લઘુઢદ્ર અને સોમેર મહા પૂજા કરીને મહાદેવને વિશ્વ કલ્યાણની કામના કરવામાં આવી હતી. સાથે જ રાત્રીના સમયે સોમનાથ ખાતે પ્રણાલિકા અનુસાર રાત્રિના પારંપરિક જયોત પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર ભાઈ દેસાઈ સાથે રાજયના વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા પણ જોડાયા હતા, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સહિત શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર તેમજ મોટી માત્રામાં ભાવિકો જોડાયા હતા. પૂજનના અંતે સચિવ શ્રી દ્વારા શ્રી સોમનાથ મહાદેવને મહાપૂજા માટે સામગ્રી અર્પણ કરવામાં આવેલ.

આ વિશેષ અવસરે જુનાગઢ પોલીસ બેન્ડ દ્વારા સોમનાથ મહાદેવના સાનિધ્યમાં બેન્ડના તમામ વાજિંત્રો સાથે સંગીત આરતી અને ધૂન વગાડીને કલા સાધના કરવામાં આવી હતી. મહાદેવની ભકિત સાથે પોલીસ બેન્ડ દ્વારા થનાર આરતીનો અનુભવ કરી શ્રદ્ધાળુઓ આનંદિત થયા હતા. વૈશાખ માસિક શિવરાત્રીના અવસરે રાત્રે મંદિરના પૂજારી તેમજ તીર્થ પુરોહિતો દ્વારા મહાદેવની મહાપૂજા કર્યા બાદ મધ્ય રાત્રિએ ૧૨:૦૦ વાગ્યે સોમનાથ મહાદેવની મહાઆરતી કરવામાં આવી હતી. માસિક શિવરાત્રીની મહા આરતીનો લાભ લેવા હજારોની સંખ્યામાં શિવભકતો સોમનાથ મંદિર પરિસરમાં ઉમટ્યા હતા. 'હરહર મહાદેવ, જય સોમનાથના નાદથી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યું હતું.




## એક રૂપિયામાં પ્લાસ્ટીક બેગમાં મળતું પીણુ અતિ ખતરનાક

# અમરેલી જિલ્લામાં આરોગ્ય માટે હાનીકારક પીણાનું વેચાણ

**નાના બાળકો હોંશે હોંશે જે મીઠુ પીણું પીવે છે તેની ગુણવત્તાની ચકાસણી જરૂરી**

**જિલ્લાભરમાં રેકંડીઓ, કેબિનો પરથી મળતી જુદા-જુદા કલરની પાણીની કોથળી આરોગ્ય માટે નુકસાનકારક**

**નિર્દોષ બાળકોનાં આરોગ્ય સાથે ચેડા કરનાર પીણા બનાવનાર વિરૂધ્ધ કાર્યવાહી જરૂરી**

**બાળકોનાં વાલીઓએ પણ પ્લાસ્ટીકમાં વેચાતાં પીણાથી સાવધાન રહેવાની જરૂર**



અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લામાં છેલ્લા એકમહિનાકરતાપણવધુસમયથી કાળ ઝાળ ગરમી પડતાં ઠંડા પીણા, આઈસ્ક્રીમ, શેરડીનોરસસહિતનુંવેચાણ પુરપાટ ગતિએ આગળ વધતાં અમુક લેભાગુ વેપારીઓ અને ભેળસેળ ીયાઓએ જન આરોગ્યનાં ભોગે નાણા કમાઈ લેવાનું શરૂ કરેલ છે.

અમરેલી જિલ્લામાં પ્લાસ્ટીકનીબેગમાંઅવનવાકલરનાંઠંડા પીણા ભરીને તેમનું એક રૂપિયામાં વેચાણશરૂથયુંછે. રેંકડીઓ, કેબિનોઅને અંતરિયાળ વિસ્તારની દુકાનોમાં "પેપ્સી"નાંનામેએકરૂપિયાનીવેચાતી પ્લાસ્ટીકનીકોથળીમાંજેપીણુંભરવામાં આવેછેતેનીકોઈલેબોરેટરીથતીનથી.

અનુસંધાન પાના ૬ ઉપર

## મૃતક મહિલાની માતાએ હત્યા થયાની આશંકા દર્શાવતા

# બગસરામાં જુના વાઘણીયા ગામે દફનવિધિ થયા બાદ મહિલાનાં મૃતદેહને બહાર કઢાયો

**પોલીસે મૃતદેહને ભાવનગર ખાતે પીએમ અર્થે મોકલ્યો**

અમરેલી, તા. ૫

બગસરાનાંજુનાવાઘણીયા ગામે રહેતી એક મહિલાએ તેમની દિકરીએ આત્મહત્યા કરી નથી અને તેની ૩ વ્યકિતઓએ હત્યા કરીને મૃતદેહની અંતીમ વિધિ ૩ દિવસ પહેલા કરી હોવાનુ જણાવીને આ મોતની ઘટના આત્મહત્યા નહી પરંતુ હત્યા હોવાનુ જણાવીને તપાસની માંગ કરતા પોલસે મૃતદેહને જમીનમાંથી બહાર લાવીને પોસ્ટ મોર્ટમ કરવાની કાર્યવાહી શરૂ કરી

અનુસંધાન પાના ૬ ઉપર


તસ્વીર : રસમીર વિરાણી-બગસરા

## ગામનાં સરપંચ સહિત ગામજનોમાં રોષનો માહોલ

# અમરેલીનાં કેરાળા (વીરડીયા) ગામની પ્રાથમિક શાળામાં વગર મંજૂરીએ વૃક્ષનું છેદન કર્યાનો આક્ષેપ

**મામલતદાર અને વનઅધિકારી દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ**



અમરેલી, તા. ૫

અમરેલીનાં કેરાળા (વીરડીયા) ગામની પ્રાથમિક શાળામાં રહેલ વર્ષો જુના મહાકાય વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યું હોય. આ વૃક્ષો આચાર્યાનાં આદેશથી તોડી પાડવામાં આવ્યા હોવાનો આક્ષેપ સરપંચ અને ગામજનોએ કરેલ છે.

ગામનાં સરપંચે જણાવ્યું કે, શાળામાં વર્ષોથી વૃક્ષો હતા અને આચાર્યાએ કોઈપણ કારણ વગર અને મામલતદારની મંજૂરી વગર વૃક્ષછેદન કર્યુ હોય સમગ્ર બનાવની તપાસ કરીને કસુરવાન સામે કાર્યવાહી કરવાની માંગ કરેલ છે.

એક તરફ "પર્યાવરણ બચાવો" અભિયાન ચાલે, સરકારીતંત્ર વૃક્ષારોપણનાં કાર્યક્રમો કરે અને બીજી તરફ એક સરકારી શાળામાં વૃક્ષછેદનની ઘટના બને તો તટસ્થ તપાસ થવી પણ જરૂરી છે.




## પશુઓની હેરફેરનાં ગુન્હામાં ઝડપાયેલ વાહન છોડાવવા

# અમરેલીનાં ઈસમે કોર્ટમાં બનાવટી દસ્તાવેજો રજૂ કરતાં ફરિયાદ નોંધાઈ

**પોલીસે આરોપી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી**

અમરેલી, તા. ૫

અમરેલીના મીની કસબાવાડમાં રહેતા આરોપી સાજીદભાઈ અલીભાઈ તરકવાડીયા વિરૂધ્ધમાં બાબરા પોલીસ સ્ટેશન પશુ

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,580/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૫/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## ૨૪ કલાકમાં ૨ યુવકોએ કરી આત્મહત્યા

# બાબરાનાં કરિયાણા ગામે ૨૫ વર્ષિય યુવકે ઝેરી ટીકડા ખાઈ લીધા

**એકલા રહેતા હોય અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૫, બાબરા તાલુકાના કરીયાણા ગામે રહેતા નિકુંજભાઈ ચંદુભાઈ રાઠોડ નામનાં ૨૫ વર્ષિય યુવક એકલા રહેતા હોય અને તેઓ કોઈ અગમ્ય કારણસર તા. ૩ ના રોજ સાંજે ૫ વાગ્યે કરીયાણા ગામે પોતે પોતાની મેળે અનાજમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ જઈ આપઘાત કરી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.




હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/- થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.




*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)